દર મહિનાની ૮ તારીખે અંક પ્રસિધ્ધ થાય છે.

પંચવર્ષિય રૂા. ૫૦૦, આજીવન રૂા. ૨૦૦૦, છુટક નકલ ૧ નંગના રૂા. ૧૦

ફેબ્રુઆરી : ૨૦૨૬ | વર્ષ - ૩૧ | અંક : ૨ સળંગ અંક : ૪૨૫

www.satvaramahamandal.org, email : darpan@satvaramahamandal.org

॥ જય સિધ્ધનાથ ॥ ॥ જય સતવારા ॥

શ્રી સમસ્ત સતવારા મહામંડળ દ્વારા પ્રકાશિત

માસિક

# સતવારા દર્પણ



**પ્રમુખશ્રી**
શંકરભાઈ આર. દલવાડી
મો. ૯૮૨૪૫ ૦૩૯૨૨

**સતવારા દર્પણ તંત્રીશ્રી**
રમણલાલ સી. મકવાણા
મો. ૯૮૨૪૭ ૮૮૨૦૧

**મહામંત્રીશ્રી**
રાજેશભાઈ કે. મકવાણા
મો. ૯૪૨૬૩ ૯૪૯૯૯




# Ozat

## Theme Park & Resort

**સતવારા સમાજ માટે ગૌરવ સમાન રિસોર્ટ**
**વૉટર પાર્ક તેમજ એડવેન્ચર પાર્ક**

જ્ઞાતિબંધુઓ માટે ખાસ વાર-તહેવાર રજા
તેમજ વેકેશન માણવા માટે સાસણ-ગીરના દ્વાર
સમાન જુનાગઢ-મેંદરડા રોડ પર ઓઝત નદીના
કિનારે અને ગિરનાર પર્વતની ટેકરીઓ સામે...
જ્ઞાતિની શાળાઓ, કોલેજ, ટયુશન કલાસીસ
ધરાવતા શિક્ષણવિદો માટે પિકનીકનું સ્થળ...

**મેરેજ ફંકશન તથા પ્રિ-વેડીંગ શુટ માટે વિશાળ જગ્યાની સુવિધા...**

Anandpur Dam, Mendarda Highway, Junagadh
**Park +91 97252 10510 M. +91 97243 62243**

# શ્રી સિદ્ધનાથ ભવન ઉદ્‌ઘાટન તથા ઇનામ વિતરણ સમારોહ-૨૦૨૫

# ભવ્ય થી ભવ્ય કાર્યક્રમ શ્રી સમસ્ત સતવારા સમાજ ધંધુકામાં યોજાયો

શ્રી સિદ્ધનાથ મહાદેવની અસીમ કૃપાથી શ્રી સમસ્ત સતવારા સમાજ ધંધુકાને શ્રીમતી ગૌરીબેન નરેશભાઈ તરફથી રૂપિયા ૭૫,૦૦,૦૦૦/- (પંચોતેર લાખ) પુરાના અનુદાનથી કન્યાઓના લગ્ન પ્રસંગે ઉતારા માટે શ્રી સિદ્ધનાથ ભવનનું જમીન સાથે બાંધકામ કરી સતવારા સમાજ ધંધુકાને આપવામાં આવેલ છે જેનો ઉદ્‌ઘાટન સમારોહ તા. ૦૪-૧૦-૨૦૨૫ ને શનિવારના રોજ ધંધુકા શહેર સતવારા સોસાયટી પ્લોટ વિસ્તારમાં ખુબજ ધામધૂમથી ૫૦૦૦ જેટલા જ્ઞાતિજનોની વિશાળ હાજરીમાં ઉજવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે પધારેલ માન. શ્રી જગદીશભાઈ મકવાણા (નાયબ મુખ્ય દંડક ગુજરાત વિધાનસભા અને ધારાસભ્ય વઢવાણ) અને અતિથી વિશેષ માન.શ્રી નરેશભાઈ કણઝરીયા (IPS નાયબ પોલીસ કમિશ્નર ટ્રાફિક પૂર્વ અમદાવાદ શહેર)નું સામૈયું કરી સાંજે ૭ કલાકે શોભાયાત્રા કાઢવામાં આવી હતી. આ શોભાયાત્રાને સતવારા સોસાયટીના જ્ઞાતિજનો દ્વારા તેમને પુષ્પવર્ષાથી વધાવવામાં આવી હતી. ત્યારબાદ અનુદાતા શ્રીમતિ ગૌરીબેન નરેશભાઈ કરશનભાઈ કણઝરીયાના વરદહસ્તે શ્રી સિદ્ધનાથ ભવનનું રીબીન કાપીને કન્યાઓના ઉતારા માટે સમસ્ત સતવારા સમાજ ધંધુકાને સમર્પિત કરવામાં આવ્યું.

ધંધુકા શહેરના ૪૮ માં ઈનામ વિતરણ કાર્યક્રમ-ઈ.સ.૨૦૨૫ની શરૂઆત રાત્રે ૯ કલાકે ઈનામ વિતરણના મુખ્ય દાતાશ્રી અને મહેમાનો દ્વારા દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ. ત્યારબાદ છોકરીઓ દ્વારા સ્વાગત ગીત રજૂ કરવામાં આવેલ જેનું સંકલન મીરા ઉમેશભાઈ જાદવએ કર્યું હતું. ઈનામ વિતરણના મુખ્યદાતા શ્રીમતી ગૌરીબેન કણઝરીયા દ્વારા રૂપિયા ૫,૫૦,૦૦૦/- (પાંચ લાખ પચાસ હજાર) પુરાના અનુદાનથી સમસ્ત સતવારા સમાજ ધંધુકાના તેજસ્વી તારલાઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમા ઉપસ્થિત મુખ્ય મહેમાન માન. શ્રી જગદીશભાઈ મકવાણા (નાયબ મુખ્ય દંડક ગુજરાત વિધાનસભા અને ધારાસભ્યશ્રી વઢવાણ) અને અતિથી વિશેષ માન.શ્રી નરેશભાઈ કણઝરીયા (IPS નાયબ પોલીસ કમિશ્નર ટ્રાફિક પૂર્વ અમદાવાદ શહેર) તથા અનુદાતા શ્રી ગૌરીબેન કણઝરીયા અને નરેશભાઈ કણઝરીયા તથા તેમના પિતાશ્રી કરસનભાઈ કણઝરીયાનું સમસ્ત સતવારા સમાજ ધંધુકા વતી પ્રમુખ શ્રી રાજુભાઈ મકવાણા અને મંત્રી શ્રી ઉમેશભાઈ જાદવ દ્વારા પાઘડી પહેરાવી સન્માનપત્ર અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે પધારેલા માન. શ્રી જગદીશભાઈ મકવાણા (નાયબ મુખ્ય દંડક ગુજરાત વિધાનસભા અને ધારાસભ્ય વઢવાણ) અને અતિથી વિશેષ માન.શ્રી નરેશભાઈ કણઝરીયા (IPS નાયબ પોલીસ કમિશ્નર ટ્રાફિક પૂર્વ અમદાવાદ શહેર) દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધન આપવામાં આવેલ તેમજ વધુ મહેનત કરી સમાજનું નામ અને ગામનું નામ રોશન કરો તેવી શુભ કામનાઓ પાઠવેલ.

ધોરણ - ૫ થી કોલેજ સુધી પ્રથમ અને દ્વિતીય નંબરએ આવેલ તેજસ્વી તારલાઓને ઉપસ્થિત બહારગામથી પધારેલ મહાનુભાવો દ્વારા સન્માનિત કરવામાં આવેલ અને ધોરણ-૯ થી કોલેજ સુધીના વિદ્યાર્થીઓને કીટ વિતરણ કરવામાં આવેલ હતી.

આ ત્રિવેણી સંગમ કાર્યક્રમમાં અમદાવાદથી શ્રી પંકજભાઈ કે. પરમાર (સહ ખજાનચી સમસ્ત સતવારા મહામંડળ), શ્રી ભરતભાઈ જી. પરમાર (પ્રમુખ શ્રી સતવારા જ્ઞાતિ મંડળ અમદાવાદ), શ્રી પ્રવિણભાઈ કે. મિસ્ત્રી, શ્રી ચમનભાઈ સતવારા, શ્રી જસમતભાઈ વી. ચાવડા (પ્રમુખ શ્રી સતવારા જ્ઞાતિ મંડળ અમદાવાદ મંડળ (પૂર્વ), શ્રી અંબાલાલભાઈ એલ. સતવારા (મંત્રી સતવારા જ્ઞાતિ મંડળ, અમદાવાદ મંડળ (પૂર્વ), શ્રી કાળુભાઈ ડી. રંઘાડીયા, શ્રી યોગેશભાઈ રંઘાડીયા, શ્રી રામજીભાઈ ડુમાણિયા, શ્રી જયસુખભાઈ ડાભી, ડૉ. શ્રી જયેશભાઈ એન. ખાંદલા, શ્રી હરેશભાઈ કણઝરીયા, શ્રી ભરતભાઈ પી. ડાભી, શ્રી હિતેશભાઈ જાદવ, શ્રી અલ્પેશભાઈ જે. ચાવડા, શ્રીમતી કૈલાસબેન નરેશભાઈ કણઝરીયા, શ્રી જયેશભાઈ આઇ. રાઠોડ (મંત્રી શ્રી સતવારા જ્ઞાતિ મંડળ અમદાવાદ, શ્રીમતી નીતાબેન જે.રાઠોડ, (શ્રી અમદાવાદ મહિલા કલબના પ્રમુખ) શ્રી રમણલાલ સી. મકવાણા- તંત્રી શ્રા સતવારા દર્પણ શ્રી

ચિરાગભાઈ રામચંદ્રભાઈ મિસ્ત્રી, શ્રી યશભાઈ પ્રવીણભાઈ મીસ્ત્રી, શ્રી નાનુભાઈ એ. રાઠોડ, શ્રી રાજેશભાઈ ડી. ખાંદલા, હળવદથી શ્રી ગીરીશભાઈ એસ. લકુમ (મંત્રી સમસ્ત સતવારા મહામંડળ) શ્રી ઘનશ્યામભાઈ ચૌહાણ, શ્રી પ્રવીણભાઈ કણઝરીયા, શ્રી રમેશભાઈ હડીયલ સુરેન્દ્રનગરથી શ્રી કાન્તીભાઈ આર. પરમાર (પ્રમુખશ્રી ઝાલાવાડ સતવારા બોર્ડિંગ), શ્રી રાકેશભાઈ ખાંદલા (જીલ્લા ભાજપ પ્રમુખ), શ્રી શંકરભાઈ પી. કણઝરીયા (સહતંત્રી શ્રી સતવારા દર્પણ), શ્રી જયેશભાઈ બી. પરમાર, શ્રી ગણેશભાઈ એમ. ખાંદલા, શ્રી નરોત્તમભાઈ મકવાણા, રતનપર, લીંબડીથી શ્રી શંકરભાઈ આર. દલવાડી (પ્રમુખશ્રી સમસ્ત સતવારા મહામંડળ), શ્રી નંદકિશોરભાઈ એસ. કણઝરીયા (પ્રમુખશ્રી સતવારા એજ્યુકેશન ટ્રસ્ટ), મોરબીથી શ્રી ભાવેશભાઈ કણઝારીયા (મહામંત્રી મોરબી શહેર ભાજપ), શ્રી લક્ષ્મણભાઈ એમ. કણઝારીયા, (ઉપ પ્રમુખશ્રી સતવારા મહામંડળ) મોરબી, શ્રી એલ.ડી. હડીયલ મોરબી, બગસરાથી શ્રી સંજયભાઈ ખાંદલા, શ્રી હિરેનભાઈ ચૌહાણ, શ્રી નિકુંજભાઈ જાદવ, અંકલેશ્વરથી શ્રી ડૉ. કે.એસ. ચાવડા, (મંત્રી શ્રી એજ્યુકેશન ટ્રસ્ટ) ધ્રાંગધ્રાથી શ્રી ભીખાભાઈ પરમાર, રાજકોટથી શ્રી વિનોદભાઈ રાઠોડ, શ્રી કાળુભાઈ નકુમ, શ્રી વિનુભાઈ ગુજરાતી, શ્રી જેરામભાઈ પરમાર, શ્રી ધનજીભાઈ પરમાર, બોટાદથી ડૉ. જીગ્નેશભાઈ હડીયલ (ઉપ પ્રમુખ સમસ્ત સતવારા મહામંડળ), શ્રી હર્ષદભાઈ એમ. મકવાણા, શ્રી મનસુખભાઈ લાખણકાવાળા, શ્રી કિશોરભાઈ પાટીવાળા, શ્રી કિરીટભાઈ પાટીવાળા, શ્રી ગણપતભાઈ કણઝરીયા, બાવળાથી બાબુભાઈ ડાભી, શ્રી તેજસભાઈ ડાભી, બરવાળાથી શ્રી ઘનશ્યામભાઈ કણઝરીયા, શ્રી વજુભાઈ પરમાર, શ્રી પ્રવીણભાઈ કણઝરીયા, સેથળીથી પ્રવીણભાઈ જાદવ, ભાયાવદરથી શ્રી રમણીકભાઈ પરમાર, શ્રી જેન્તીભાઈ ખાણધર, ખાંભલા-માણાવદરથી શ્રી પ્રભુદાસભાઈ ડાભી, ઉપલેટાથી યોગેશભાઈ બુમતારીયા, રાણપુરથી શ્રી હરેશભાઈ જાબુંકિયા, શ્રી જગદીશભાઈ દલવાડી, શ્રી અજયભાઈ પરમાર, સુરતથી શ્રી ભગવાનભાઈ ડાભી, (ધંધુકાવાળા) શ્રી મુકેશભાઈ કણઝરીયા, શ્રી ધીરૂભાઈ જાદવ, શ્રી બળદેવભાઈ મકવાણા, વડોદરાથી લાલાભાઈ ખાંદલા, શ્રી બકુલભાઈ જાંબુકિયા, થાનગઢથી શ્રી વાલજીભાઈ જાદવ, (સંગઠનમંત્રી સતવારા મહામંડળ), શ્રી રણમલભાઈ પરમાર રાણથી (આગેવાનશ્રી) મેમકાથી શ્રી હસુભાઈ ડાભી જાળીલાથી શ્રી પીતાંબરભાઈ વાઘેલા, શ્રી ધીરૂભાઈ કણઝરીયા, મોટીવાવડીથી શ્રી પ્રભુભાઈ તેમજ ધંધુકા તાલુકાના વાસણા છારોડિયા, જાળિયા, ગુંજાર, ગલસાણા, ઝાંઝરકા, સોન્ઠાથી હોદ્દેદારો તથા જ્ઞાતિઆગેવાનો તથા ધંધુકાના પત્રકારશ્રીઓ હાજર રહ્યા.

અનુદાતાશ્રી ગૌરીબેન નરેશભાઈ કણઝરીયા દ્વારા ૪૭માં ઈનામ વિતરણ કાર્યક્રમ-૨૦૨૪ માટે રૂપિયા ૧,૭૫,૦૦૦/- (એક લાખ પંચોતર હજાર) તેમજ શ્રી સમસ્ત સતવારા સમાજ ધંધુકામાં વસતા સોસાયટી, પ્લોટ વિસ્તારમાં બની રહેલ નવી જ્ઞાતિ વાડીના મુખ્ય નામકરણ માટે રૂપિયા ૨૦,૦૦,૦૦૦/- (વીસ લાખ)નું અનુદાન આપી સમસ્ત સતવારા સમાજ ધંધુકાના સામાજિક કાર્યોમાં અનેરો ઉત્સાહ વધાર્યો છે. આ ઉપરાંત શ્રી સમસ્ત સતવારા મહામંડળ દ્વારા અમદાવાદમાં નવી બની રહેલ કન્યા છાત્રાલયના મુખ્ય નામકરણ માટે રૂપિયા ૧,૦૦, ૧૧,૧૧૧/- (એક કરોડ અગિયાર હજાર એકસો અગિયાર) પુરાનું અનુદાન આપેલ છે. સમસ્ત સતવારા સમાજના બાળકોના શૈક્ષણિક વિકાસને આગળ વધારવા વગર વ્યાજની લોન યોજના માટે પણ શ્રી સમસ્ત સતવારા એજ્યુકેશન ટ્રસ્ટને ટ્રસ્ટીદાન યોજના માટે રૂપિયા ૫૦,૦૦૦/- (પચાસ હજાર) પુરાનું અનુદાન પણ આપેલ છે. તે બદલ તમામ મહાનુભાવો દ્વારા અનુદાતા શ્રીમતી ગૌરીબેન કરસનભાઈ કણઝરીયાનું સન્માનપત્ર અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. ઈનામ વિતરણના દાતાશ્રી દ્વારા પત્રિકાનો ખર્ચ પણ આપવામાં આવેલ છે જે બદલ દાતાશ્રીનો ખૂબ ખૂબ આભાર માનવામાં આવ્યો હતો.

શ્રી રાજેશભાઈ કે. મકવાણા (પ્રમુખ શ્રી સતવારા સમાજ ધંધુકા તથા મહામંત્રીશ્રી સતવારા મહામંડળ ગુજરાત) શ્રી ઉમેશભાઈ એમ. જાદવ (મંત્રીશ્રી સતવારા સમાજ ધંધુકા), શ્રી મહેશભાઈ ડી. પરમાર (પ્રમુખશ્રી સતવારા સમાજ જ્ઞાતિ ટ્રસ્ટ ધંધુકા), શ્રી હસમુખભાઈ એ. ડાભી, (મંત્રી શ્રી સતવારા સમાજ જ્ઞાતિ ટ્રસ્ટ ધંધુકા). શ્રી ભરતભાઈ એમ. ડાભી

શ્રી સમસ્ત સતવારા સમાજ ધંધુકાના ટ્રસ્ટીશ્રીઓ તથા કારોબારી સભ્યશ્રીઓએ ખુબજ જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રાણથી પધારેલ શ્રી રણમલભાઈ પરમાર તેમજ શ્રી ભરતભાઈ ડાભી, શ્રી જિતેન્દ્રભાઈ જાદવ, શ્રી રાકેશભાઈ ડાભી, શ્રી સંજયભાઈ ચૌહાણએ કર્યું હતુ.

આભાર વિધિ શ્રી જિતેન્દ્રભાઈ જાદવ ચેરમેનશ્રી શિક્ષણ સમિતિ ધંધુકાએ કરેલ હતી.

# શ્રી સમસ્ત સતવારા સમાજ ધંધુકા ઈનામ વિતરણ ૨૦૨૫

## ૪૮માં ઈનામ વિતરણ તેજસ્વી તારલાઓ

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | ધોરણ | ટકા | વિસ્તાર | |
|---|---|---|---|---|---|
| ૧. | ચાંપાનેરી ધન્ય કૌશિકભાઈ | ૫ | ૯૮.૨૯ | સતવારા સોસાયટી | પ્રથમ |
| ૨. | જાંબુકીયા મંથન ધર્મેશભાઈ | ૫ | ૯૭.૮૩ | સતવારા સોસાયટી | દ્વિતીય |
| ૩. | ડાભી હેતાંશ પ્રકાશભાઈ | ૬ | ૯૫.૮૯ | સતવારા સોસાયટી | પ્રથમ |
| ૪. | ચૌહાણ શિવાંશ સંજયભાઈ | ૬ | ૯૫.૧૪ | સતવારા સોસાયટી | દ્વિતીય |
| ૫. | હીરાણી ઓમ વિજયકુમાર | ૭ | ૯૭.૬૧ | શ્રીનાથજી સોસાયટી | પ્રથમ |
| ૬. | જાંબુકીયા વ્રજ વિપુલભાઈ | ૭ | ૯૪.૭૧ | સતવારા સોસાયટી | દ્વિતીય |
| ૭. | ડાભી સ્મીત રાકેશભાઈ | ૮ | ૯૭.૯૩ | સતવારા સોસાયટી | પ્રથમ |
| ૮. | જાદવ પ્રાર્થના જિતેન્દ્રભાઈ | ૮ | ૯૬.૨૯ | સતવારા સોસાયટી | દ્વિતીય |
| ૯. | રંઘાડિયા જાનવી અશોકભાઈ | ૯ | ૯૮.૫૭ | સતવારા સોસાયટી | પ્રથમ |
| ૧૦. | મકવાણા રોનક કમલેશભાઈ | ૯ | ૯૫.૦૦ | અંબાપુરા | દ્વિતીય |
| ૧૧. | ડાભી ક્રિતીકા પ્રવિણભાઈ | ૧૦ | ૯૪.૬૭ | હંસનગર | પ્રથમ |
| ૧૨. | ડાભી માનસી રાકેશભાઈ | ૧૦ | ૯૪.૧૭ | સતવારા સોસાયટી | દ્વિતીય |
| ૧૩. | ડાભી ધર્મિષ્ઠા રાકેશભાઈ | ૧૧ આર્ટસ | ૯૦.૨૯ | અંબાપુરા | પ્રથમ |
| ૧૪. | ડાભી શિલ્પા સુરેશભાઈ | ૧૧ આર્ટસ | ૪૯.૮૬ | સતવારા સોસાયટી | દ્વિતીય |
| ૧૫. | જાદવ ધરતી નરેશભાઈ | ૧૧ આર્ટસ | ૪૯.૮૬ | સતવારા સોસાયટી | દ્વિતીય |
| ૧૬. | હિરાણી નિધિ હરેશભાઈ | ૧૧ કોમર્સ | ૭૩.૭૧ | વલ્લભાચાર્ય સોસાયટી | પ્રથમ |
| ૧૭. | ખાંદળા કૃપાલી હર્ષદભાઈ | ૧૧ કોમર્સ | ૭૩.૧૪ | સતવારા સોસાયટી | દ્વિતીય |
| ૧૮. | ડાભી આલોક વિરલભાઈ | ૧૧ સાયન્સ | ૯૭.૦૦ | અંબાપુરા | પ્રથમ |
| ૧૯. | ડાભી કરણ પ્રભાતભાઈ | ૧૧ સાયન્સ | ૯૬.૬૭ | શાકમાર્કેટ | દ્વિતીય |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૦. | મીનલ સુરેશભાઈ મકવાણા | ૧૨ આર્ટસ | ૬૩.૭૧ | સતવારા સોસાયટી | પ્રથમ |
| ૨૧. | હિના મુકેશભાઈ પરમાર | ૧૨ આર્ટસ | ૪૯.૦૦ | સતવારા સોસાયટી | દ્વિતીય |
| ૨૨. | કણઝરીયા રિયા કનૈયાલાલ | ૧૨ કોમર્સ | ૯૩.૨૯ | લુહાર ફળી | પ્રથમ |
| ૨૩. | ડાભી યશ ભાવેશભાઈ | ૧૨ કોમર્સ | ૯૨.૧૪ | સતવારા સોસાયટી | દ્વિતીય |
| ૨૪. | ખાંદળા કાવ્ય સતીષભાઈ | ૧૨ સાયન્સ | ૯૪.૩૩ | અંબાપુરા દરવાજા | પ્રથમ |
| ૨૫. | ડાભી જય રાજુભાઈ | ૧૨ સાયન્સ | ૮૭.૦૦ | સતવારા સોસાયટી | દ્વિતીય |
| ૨૬. | મકવાણા હર્ષ અશોકભાઈ | ૧૨ સાયન્સ | ૮૭.૦૦ | રિદ્ધિ સિદ્ધિ રેસીડેન્સી | દ્વિતીય |
| ૨૭. | હિરાણી નિરાલી મહેશભાઈ | F.Y.B.A. | ૭૨.૧૮ | સતવારા સોસાયટી | પ્રથમ |
| ૨૮. | રાઠોડ જાનવીબેન જયંતીભાઈ | F.Y.B.A. | ૫૯.૨૭ | | દ્વિતીય |
| ૨૯. | મકવાણા મિતલ પ્રવીણભાઈ | F.Y.B.Sc. | ૮૨.૨૦ | | પ્રથમ |
| ૩૦. | ચાવડા નિરાલીબેન યોગેશભાઈ | S.Y.Com. | ૬૯.૨૭ | સતવારા સોસાયટી | પ્રથમ |
| ૩૧. | ડાભી રિદ્ધિ પ્રકાશભાઈ | S.Y.Com. | ૫૪.૭૩ | | દ્વિતીય |
| ૩૨. | લકુમ રિદ્ધિ શાંતિલાલ | S.Y.B.A. | ૭૨.૫૫ | | પ્રથમ |
| ૩૩. | ડાભી મયુરીબેન અજીતભાઈ | S.Y.B.A. | ૪૮.૩૬ | | દ્વિતીય |
| ૩૪. | ચાવડા કશીસબેન અરજણભાઈ | T.Y.B.A. | ૭૦.૯૩ | | પ્રથમ |
| ૩૫. | ડાભી કૃપાલી વિપુલભાઈ | T.Y.Com. | ૮૦.૫૭ | | પ્રથમ |
| ૩૬. | ડાભી રિદ્ધિબેન નરેશભાઈ | T.Y.Com. | ૬૨.૭૯ | | દ્વિતીય |
| ૩૭. | કણઝરીયા સૌરભ ચંદુભાઈ | M.Com.Part-1 | ૫૬.૨૦ | સતવારા સોસાયટી | પ્રથમ |
| ૩૮. | ચાવડા હર્ષિલ વિનોદભાઈ | M.Sc.Part-1 | ૬૪.૮૩ | સતવારા સોસાયટી | પ્રથમ |
| ૩૯. | હિરાણી પરિતાબેન મહેશભાઈ | M.Com.Part-2 | ૬૪.૩૩ | સતવારા સોસાયટી | પ્રથમ |
| ૪૦. | ચાવડા દિવ્યા જગદીશભાઈ | M.Com.Part-2 | ૫૨.૯૨ | સતવારા સોસાયટી | પ્રથમ |
| ૪૧. | જાંબુકીયા સંધ્યા મહેશભાઈ | M.Sc.Part-2 | ૭૮.૩૯૨ | સતવારા સોસાયટી | પ્રથમ |

**સંકલન : શ્રી જીતેન્દ્રભાઈ એ. જાદવ**













:: અતિથી વિશેષ ::
હાર્દિક સ્વાગત કરે છે


સમસ્ત સતવારા સમાજ ધંધુકા
હાર્દિક સ્વાગત કરે છે

# સતવારા જ્ઞાતિના મકવાણા પરિવારનો તારીખ ૦૯-૧૧-૨૦૨૫ના રોજ વઢવાણના આંગણે ભવ્ય પ્રથમ-સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

સ્સમાજના વિકાસમાં સમાજની એકતાનું અને શિક્ષણનું સ્થાન સર્વોપરી છે એ જ ભાવનાને જીવંત રાખતા સતવારા જ્ઞાતિના સમગ્ર ગુજરાત મકવાણા પરિવારનો આ વર્ષે તારીખ ૦૯-૧૧-૨૦૨૫ના રોજ વઢવાણના આંગણે ભવ્ય પ્રથમ-સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

આ કાર્યક્રમનું હેતુ અને માત્ર ગુજરાતના દરેક ખૂણામાં રહેલા મકવાણા પરિવારના સભ્યોને એકત્રિત કરીને એકતા, શિક્ષણ અને પ્રગતિનો સંદેશ આપવાનો હતો. આ કાર્યક્રમની વિચારણા મકવાણા પરિવાર-વઢવાણ દ્વારા અને આયોજન કરવાની સમીક્ષા છેલ્લા ચાર વર્ષથી ચાલતી હતી અને મકવાણા પરિવાર (વઢવાણ, લાખણકા, સુરત)ના ભગવતી આદ્યશક્તિ મતાજીના મઢે તારીખ ૧૫-૦૪-૨૦૧૫ ના રોજ નવરંગ માંડવાના ભવ્ય પ્રસંગે આ કાર્યક્રમ કરવા માટે મકવાણા પરિવારના દરેક ભાઈ અને બહેનોએ તત્પરતા દાખવી હતી.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ગુજરાતના તમામ ખૂણે ખૂણે વસતા મકવાણા પરિવારના ભાઈઓ સાથે સંપર્ક કરવા અને તેમને આ કાર્યકર્મનો હેતુ જણાવવા માટે શ્રી રમેશભાઈ છગનભાઈના વડપણ હેઠળ એક ટીમ બની જેમાં શ્રી મેરૂભાઈ રાજાભાઈ (ભુવાશ્રી), શ્રી પરસોત્તમભાઈ ભગવાનભાઈ, સોંડાભાઈ શ્રી મગનભાઈ, શ્રી મયુરભાઈ, ઠાકરશીભાઈ, શ્રી કમલેશભાઈ જગજીવનભાઈ શ્રી ઘનશ્યામભાઈ ગોવિંદભાઈ, શ્રી મેરૂભાઈ પ્રતાપભાઈ, શ્રી મેરૂભાઈ ઈશ્વરભાઈ, શ્રી દેવજીભાઈ ઓધવજીભાઈ, શ્રી શામજીભાઈ ઠાકરશીભાઈ, શ્રી જયેશભાઈ ગગજીભાઈ, શ્રી જયેશભાઈ ઠાકરશીભાઈ, શ્રી રમેશભાઈ દયારામભાઈ, શ્રી શૈલેષભાઈ હિંમતભાઈ, શ્રી કિશોરભાઈ શંકરભાઈ, શ્રી રમણીકભાઈ વેલશીભાઈ તથા અન્ય નવ યુવાનો સમાવેશ કરી ગુજરાતમાં દરેક ગામોમાં વસતા મકવાણા પરિવારને જોડવા માટેનું અભિયાન કાર્ય શરૂ કરવામાં આવ્યું.

સૌ પ્રથમ લાખણકા ગામે મીટીંગ કરવામાં આવી જેમાં લાખણકા ગામના શ્રી રમેશભાઈ અમરશીભાઈ તથા અજયભાઈએ સમગ્ર બોટાદ જીલ્લાને સંપર્ક કરવાની જવાબદારી લીધી અને આ કાર્યક્રમમાં પોતાના ગામના દરેક ભાઈઓનો સંપૂર્ણ સાથ સહકાર રહેશે તેની ખાતરી આપી. ત્યારબાદ સુરેન્દ્રનગર જીલ્લાના વઢવાણ તાલુકાના વિવિધ ગામો પૈકી વઢવાણ , મેમકા, સુરેન્દ્રનગર, કોઠારિયા, શિયાણી, રતનપર, જોરાવરનગર, વઢવાણ (૮૦-ફૂટ રોડ), લીંબડી. વગેરે ગામોનો સંપર્ક કરવામાં આવ્યો અને જેમાંથી દરેક ગામોના મકવાણા પરિવારના કાર્યરત ભાઈઓ શ્રી વસંતભાઈ શંકરભાઈ, શ્રી આશિષભાઈ ખીમજીભાઈ, શ્રી નારાયણભાઈ ભોગીલાલભાઈ, શ્રી શૈલેષભાઈ તથા અન્ય યુવાનોએ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે પોતાની સંપૂર્ણ યોગદાન આપવાની ખાતરી આપી અને પોતાના ગામના દરેક ભાઈઓને આના વિશે અવગત કરવા માટેની જવાબદારી લીધી.

ત્યારબાદ વઢવાણની ટીમ દ્વારા લીંબડી મુકામે વસતા કાર્યકરભાઈઓનો સંપર્ક કરી લીંબડી મુકામે શ્રી મહેશભાઈ રામજીભાઈ મકવાણાના મેડીકલ સ્ટોર ખાતે લીંબડી, બલદાણા, ચુડા, ભૃગુપુર, પાણશિણા વગેરે ગામોમાંથી શ્રી માનસંગભાઈ શ્રી વાલજીભાઈ, શ્રી પ્રભુભાઈ શ્રી ધર્મેશભાઈ શ્રી પ્રભુભાઈ (ભુવાશ્રી) શ્રી જગદીશભાઈ માવજીભાઈ, શ્રી જગદીશભાઈ દેવજીભાઈ વગેરે ભાઈઓએ સાથે મળીને મીટીંગનું આયોજન કરવામાં આવ્યું જેમાં સતવારા સમાજના ભીષ્મ-પિતામહ તરીકે જાણીતા શ્રી રામજીભાઈ મગનભાઈ મકવાણા ઉપસ્થિત રહ્યા. મીટીંગ કરવાનો હેતુ અને આગામી વિશેની સુંદર રજુઆત વઢવાણની ટીમના મયુરભાઈ ઠાકરશીભાઈ તથા શ્રી મેરૂભાઈ ઈશ્વરભાઈ દ્વારા કરવામાં આવી ત્યારબાદ આ આયોજનમાં ખામી ના રહે અને કાર્યક્રમમાં સંપૂર્ણ યોગદાન માટે શ્રી પ્રભુભાઈ નરશીભાઈએ પાણશિણા ગામની જવાબદારી લીધી જેમાંથી પ્રેરણા લઈને હાજર રહેલા તમામ ગામોના ભાઈઓએ સહકાર દાખવી પોતપોતાના ગામની

જવાબદારી લઈને વઢવાણ ગામને સંપૂર્ણ સહકાર મળશે તેની દરેક ગામો વતી ખાતરી આપી. પરંતુ આ આયોજન ખુબ જ મોટું સમય માંગી લે તેવું તેમજ એક દીર્ઘ દૃષ્ટિ, અનુભવ અને પ્રેરણા સ્ત્રોતરૂપી વડીલનું માર્ગદર્શન જરૂરી હતું. એવા સમયે ખુબ જ મોટું, સમય માંગે લે તેવું તેમજ એક દીર્ઘ દૃષ્ટિ, અનુભવ અને પ્રેરણા સ્ત્રોતરૂપી વડીલનું માર્ગદર્શન જરૂરી હતું. એવા સમયે સતવારા સમાજના ભીષ્મ-પિતામહ તરીકે જાણીતા શ્રી રામજીભાઈ મગનભાઈ મકવાણાએ મીટીંગને સંબોધન આપી બાકી રહેલી તમામ ખામીઓ દુર કરી અને એમને જણાવ્યું કે સમગ્ર મકવાણા પરિવારનું આવું મોટું ભવ્ય સ્નેહમિલન થાય તેમનુ સ્વપ્ન હતું જેના માટે વઢવાણની ટીમ નિમિત બની છે અને આ કાર્યક્રમ જરૂરથી સફળ થશે અને આવનારી તમામ મુશ્કેલી માઁ ભગવતી દૂર કરશે તેવી સાંત્વના આપી. સંબોધન પૂર્ણ થતાની સાથે જ મીટીંગમાં હાજર રહેલ તમામ યુવાનોમાં જોશ ભરાઈ ગયો અને નવા ઉમંગ સાથે એક જૂથ થઈને આગામી આયોજન તરફ પ્રયાણ કર્યું અને સાથે સાથે શ્રી રામજીદાદા દ્વારા પહેલાથી જ ગુજરાતમાં વસતા દરેક ગામોની યાદી પરિવારના ભાઈઓના સંપર્ક નંબર સાથેનું લીસ્ટ અને પ્રેરણા સંદેશ આપ્યો.

ત્યારબાદ આ ભવ્ય કાર્યક્રમ માટે વઢવાણના શ્રી કાંતિભાઈ માસ્તર તરીકે જાણીતા શ્રી કાંતિભાઈ રાજાભાઈ પરમાર પાસેથી માર્ગદર્શન મેળવ્યું અને તેમના દ્વારા ગુજરાતના દરેક ગામોમાં વસતા સતવારા સમાજના આગેવાનોનો સંપર્ક થકી મકવાણા પરિવારના ભાઈઓનો ગામ પ્રમાણે સંપર્ક થઈ શકે તે હેતુથી તેમની પાસે રહેલ સમાજની તમામ પ્રકારની યાદી / ડિરેકટરી મકવાણા પરિવારને સોંપી. ડિરેકટરીને આધારે દરરોજ ગામ પ્રમાણે મકવાણા પરિવારનો સંપર્ક કરી એક યાદી તૈયાર કરવામાં આવી અને દરેક ગામ તરફથી સંપૂર્ણ સહયોગ મળ્યો.

ત્યારબાદ તારીખ ૩૧-૦૮-૨૦૨૫ ને રવિવારના રોજ વઢવાણના આંગણે સ્નેહમિલન કાર્યક્રમના આયોજન અને તારીખ નક્કી કરવા માટે સમસ્ત મકવાણા પરિવાર - ગુજરાતના ભાઈઓની એક મીટીંગ રાખવામાં આવી જેમાં સમસ્ત ગુજરાતમાંથી આશરે ૨૦૦ જેટલા મકવાણા પરિવારના કાર્યકર્તા ભાઈઓ હાજર રહ્યાં. આ મીટીંગમાં ખુશીની વાત એ હતી કે મીટીંગ વઢવાણ હોવા છતાં તેમાં દુર દુર ગામ / તાલુકા જેમ કે ભાવનગર, જામનગર-સુરત,વડોદરા, નડિયાદ, વગેરે દુરના સ્થળેથી પણ હાજર રહ્યાં. સમગ્ર મીટીંગનું સંચાલન શ્રી મયુરભાઈ ઠાકરશીભાઈ, શ્રી મેરૂભાઈ, શ્રી પ્રતાપભાઈ, શ્રી મેરૂભાઈ ઈશ્વરભાઈ, શ્રી દેવજીભાઈ ઓધવજીભાઈ દ્વારા કરવામાં આવ્યું. અને દરેક ગામથી પધારેલ ભાઈઓનો અભિપ્રાય લેવામાં આવ્યો આ સ્નેહમિલનનો મુખ્ય હેતુ શૈક્ષણિક હતો. જે હેતુ સિદ્ધ કરવા ગુજરાતમાં મકવાણા પરિવારમાં સરકારી નોકરિયાત, ડૉકટરો, કલાસ-૧ એન્ડ ૨ ઓફિસરો વગેરે ભાઈઓ / બહેનોની માહિતી ભેગી કરી એક માર્ગદર્શિકા પુસ્તિકા (**E-Book**) બનાવવાનું નક્કી થયું અને તેના માટે દરેક ગામ/ તાલુકા/જીલ્લો વતી જેતે ગામના દરેક ભાઈઓએ આ માહિતી ભેગી કરવાની જવાબદારી સ્વીકારી અને એકથી થયેલી માહિતીને એકઠી કરી ફાઈનલ ડિઝાઈન કરવાની જવાબદારી વઢવાણના શ્રી મયુરભાઈ ઠાકરશીભાઈએ લીધી. મીટીંગમાં બધા ગામોના અભિપ્રાય લીધા બાદ સ્વરૂચી ભોજન બાદ સૌ છુટા પડ્યા.

આ મીટીંગ બાદ બોટાદ જીલ્લાના શ્રી હર્ષદભાઈ મનુભાઈ, શ્રી મહેશભાઈ તથા શ્રી ઠાકરશીભાઈ અમરશીભાઈએ સમગ્ર બોટાદ જીલ્લાના તાલુકા / ગામો / વિસ્તારોમાંથી મકવાણા પરિવારના ભાઈઓને એકઠા કર્યા અને આ કાર્યક્રમમાં હાજરી આપવા માટે ઉત્સાહ અને પ્રોત્સાહન આપ્યું અને બોટાદની મીટીંગમાં દરેક ગામો વતી આયોજનમાં સહકાર મળશે એની ખાતરી આપી. બોટાદ જીલ્લામાંથી માગર્દર્શક પુસ્તિકાની માહિતી એકઠી કરવાનું કામ શ્રી મહેશભાઈ અને શ્રી હર્ષદભાઈએ કર્યું.

ત્યારબાદ આ કાર્યક્રમમાં મુખ્ય અતિથી વિશેષ તરીકે શ્રી રામજીભાઈ મગનભાઈ મકવાણા (પૂર્વમંત્રીશ્રી સમસ્ત સતવારા મહામંડળ) શ્રી જગદીશભાઈ મકવાણા (નાયબ મુખ્ય દંડક-ગુજરાત સરકાર, ધારાસભ્ય-વઢવાણ વિધાનસભા), શ્રી શંકરભાઈ રામજીભાઈ દલવાડી (પ્રમુખશ્રી સતવારા મહામંડળ ગુજરાત), શ્રી કાંતિભાઈ રાજાભાઈ પરમાર (પ્રમુખ શ્રી ઝાલાવાડ બોર્ડિંગ અને કન્યા છાત્રાલય-જોરાવરનગર) શ્રી ગોકુળભાઈ ડાભી(પ્રમુખશ્રી સતવારા બોર્ડિંગ ગાંધીનગર), શ્રી શાંતિલાલ પરમાર

(પ્રમુખશ્રી સતવારા બોર્ડિંગ રાજકોટ) શ્રી રામજીભાઈ ભીમજીભાઈ ચૌહાણ (પ્રમુખ શ્રી સતવારા સમાજ સુરત) શ્રી રમણલાલ સી. મકવાણા (સતવારા દર્પણ તંત્રીશ્રી), શ્રી રાજેશભાઈ કાનજીભાઈ મકવાણા (મહામંત્રીશ્રી સતવારા મહામંડળ ગુજરાત) ને આમંત્રણ આપવામાં આવ્યું. શ્રી રમણભાઈ સી. મકવાણા તંત્રી શ્રી સતવારા દર્પણ દવાખાનામાં દાખલ હોવાથી તેઓ આ કાર્યક્રમમાં પધારી શક્યા ન હતા. હવે કાર્યક્રમની તૈયારીમાં અંતિમ પડાવ તરફ હતા અને આમંત્રણ પત્રિકા છપાવી તેને દરેક ગામો ગામ રૂબરૂ જ આપવાનું નક્કી કર્યું અને તેના માટે અલગ અલગ ટીમ બનાવવામાં આવી જેમાં વિરમગામ-ગાંધીનગર-અમદાવાદ-નડિયાદ-વડોદરા-સુરત-રૂટમાં શ્રી પ્રવિણભાઈ મનસુખભાઈ, શ્રી કમલેશભાઈ જગજીવનભાઈ, શ્રી દીપેશભાઈ મનસુખભાઈ, શ્રી પીતાંબરભાઈ હિરાભાઈની ટીમ રવાના થઈ. જ્યારે રાજકોટ-જામનગર-મોરબી રૂટમાં શ્રી રમેશભાઈ છગનભાઈ, શ્રી રમેશભાઈ દયારામભાઈ, શ્રી કિશોરભાઈ શંકરભાઈ, શ્રી શામજીભાઈ ઠાકરશીભાઈની ટીમ રવાના થઈ. જ્યારે મુળી-થાનગઢ-હળવદ-ધ્રાંગધ્રા રૂટમાં શ્રી ઘનશ્યામભાઈ ગોવિંદભાઈ, શ્રી મયુરભાઈ ઠાકરશીભાઈ શ્રી મેરૂભાઈ પ્રતાપભાઈ, શ્રી જયેશભાઈ ઠાકરશીભાઈ ટીમ રવાના થઈ અને રાજસીતાપુર ખાતે રહેલ મહંત શ્રી અંબારામદાસજી બાપુને આ પ્રસંગે વિશેષ આમંત્રણ પાઠવ્યું. જ્યારે ધંધુકા-ભાવનગર-લાખણકા-બોટાદ-ચુડા-ભૃગુપુર- રૂટમાં શ્રી રમેશભાઈ છગનભાઈ, શ્રી મેરૂભાઈ પ્રતાપભાઈ, શ્રી કિશોર શંકરભાઈ, શ્રી જયેશભાઈ ગગજીભાઈ, શ્રી શામજીભાઈ ઠાકરશીભાઈ, જ્યારે બાકી રહેલા વઢવાણના આજુબાજુના વિસ્તારમાં દરેક રૂટમાંથી પાછા ફરેલા ભાઈઓએ પૂર્ણ કર્યું.

હવે અંતિમ પડાવને પાર કરવા શ્રી રમેશભાઈ છગનભાઈ તથા શ્રી સોંડાભાઈ મગનભાઈએ વઢવાણના ભાઈની મીટીંગ બોલાવી જેમાં કાર્યક્રમના દિવસે પહોંચી વળવા અલગ અલગ ટીમ બનાવી જેમાં સમગ્ર કાર્યક્રમના આયોજનની દેખરેખ શ્રી રમેશભાઈ છગનભાઈની ટીમને સોંપી, સમગ્ર કાર્યક્રમના સ્ટેજ પરની જવાબદારી શ્રી મયુરભાઈ ઠાકરશીભાઈની ટીમને સોંપી, સાંસ્કૃતિક કાર્યક્રમની જવાબદારી દેવજીભાઈ ઓધવજીભાઈની ટીમને સોંપી, રજીસ્ટ્રેશનની જવાબદારી શ્રી ધર્મેશભાઈ મનુભાઈની ટીમને સોંપી, બેઠક વ્યવસ્થા, શાંતિ-સલામતીની જવાબદારી પ્રાગજીભાઈ ત્રિભોવનભાઈની ટીમને સોંપી, ડેકોરેશન અને સ્થળ પરની વ્યવસ્થાની જવાબદારી શ્રી મેરૂભાઈ રાજાભાઈની ટીમને સોંપી, ખજાનચી તરીકે શ્રી કમલેશભાઈ જગજીવનભાઈની ટીમને સોંપી, પાર્કિંગ માટે પીતાંબરભાઈ હીરાભાઈની ટીમને સોંપી ભોજન વ્યવસ્થાની તમામ જવાબદારી શ્રી શામજીભાઈ ઠાકરશીભાઈની ટીમને તથા અતિથીનું સ્વાગતની જવાબદારી સોંડાભાઈ મગનભાઈની ટીમને સોંપી ટુકમાં દરેક કામનું વિભાજન કરી દરેક કામ માટે ટીમ બનાવી જેથી કાર્યક્રમનું સંચાલન આયોજન પૂર્વક થઈ શકે.

કાર્યક્રમના આગળના દિવસે પ્રસાદી સ્વરૂપે મોહનથાળ શ્રી રમેશભાઈ છગનભાઈ દ્વારા તૈયાર કરવામાં આવ્યો અને દરેક ટીમ પોતાને સોંપેલ કામને અનુરૂપ કામ કરવા લાગી ગઈ હતી. કાર્યક્રમના આગળના દિવસે શ્રી રામજીભાઈ મગનભાઈ તથા શ્રી પ્રભુભાઈ પાણશીણાથી રૂબરૂ પધારી આયોજક અને ટીમ મેમ્બરના ભાઈઓનો ઉત્સાહ વધારી કામગીરીને બિરદાવી હતી.

તારીખ ૦૯-૧૧-૨૦૨૫ ના રોજ આ ભવ્ય કાર્યક્રમમાં  ગુજરાતના તમામ જિલ્લાઓમાંથી હજારોની સંખ્યામાં મકવાણા પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ગુજરાતના તમામ જિલ્લાઓમાંથી હજારોની સંખ્યામાં મકવાણા પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં સતવારા સમાજના ભીષ્મપિતામાં તરીકે જાણીતા શ્રી રામજીભાઈ મગનભાઈ મકવાણાને અધ્યક્ષ સ્થાને રાખી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. આ કાર્યક્રમમાં ગુજરાત સરકારના નાયબ મુખ્ય દંડક અને વઢવાણ વિધાનસભાના લોકલાડીલા ધારાસભ્ય શ્રી જગદીશભાઈ મકવાણા તથા ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી સતવારા સમાજની વિવિધ હોસ્ટેલો/બોર્ડિંગો/છાત્રાલયો અને એસોશિએશનના અગ્રણીઓ શ્રી શંકરભાઈ દલવાડી, શ્રી કાંતિભાઈ માસ્તર, શ્રી ગોકુળભાઈ ડાભી, શ્રી રાજેશભાઈ મકવાણા, શ્રી શંકરભાઈ કણઝરીયા, શ્રી રમેશભાઈ મકવાણા, ડૉ. વાલજીભાઈ મકવાણા, ડૉ. જીગ્નેશભાઈ હડિયલ ડૉ. સંકેતભાઈ મકવાણા, શ્રી

આશિષભાઈ મકવાણા વગેરે જેવા મહાનુભાવોની વિશેષ ઉપસ્થિતિએ આ કાર્યક્રમને વધુ સફળ બનાવી દીધો.

ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી સતવારા સમાજની વિવિધ હોસ્ટેલો/બોર્ડિંગો/છાત્રાલયો અને એસોસિએશનના અગ્રણીઓએ સતવારા સમાજની એકતા અને હોસ્ટેલો/બોર્ડિંગો/છાત્રાલયો વિષે માહિતી આપી વઢવાણ વિધાનસભાના લોકલાડીલા ધારાસભ્ય શ્રી જગદીશભાઈ મકવાણાએ સમસ્ત કાર્યક્રમના આયોજનને બિરદાવ્યું અને આ કાર્યક્રમ અંતર્ગત ૨૫૦૦૦/-રૂપિયાનું અનુદાન પણ આપ્યું. આ સિવાય જામનગરથી ભાઈઓએ ૨૦,૦૦૦/- બોટાદ (તુરખા)થી આવેલા ભાઈઓએ ૩૦૦૦૦/-ભૃગુપુર ગામ તરફથી ૧૧૦૦૦/- મેમકા ગામ વતી ૫૧૦૦/- શ્રી અશોકભાઈ ડી. મકવાણા (વડોદરા) - તરફથી ૫૧૦૦/- તથા ડૉ. જયેશભાઈ અરવિંદભાઈ (બરવાળા) તરફથી ૫૧૦૦/- રૂપિયાનો ફાળો આ આયોજન સંદર્ભે આપ્યો. વધુમાં મેડીકલ પેરામેડીકલ એશોસિએસનના સહમંત્રી એવા શ્રી આશિષભાઈએ સભાને સંબોધન આપતા કહ્યું કે મેડીકલ ક્ષેત્રે કોઈપણ પ્રોબ્લેમ માટે મારો સંપર્ક કરી શકો છો અને પ્રોબ્લેમના નિકારણની ખાતરી આપી અને અંતમાં તેમના તરફથી આ કાર્યક્રમ અંતર્ગત ૧૦૦૦૦/-નું અનુદાન આપ્યું આ સિવાય દરેક ગામથી પધારેલા ભાઈઓએ ફૂલની પાંખડી સ્વરૂપે પોતાની યથા શક્તિ મુજબ અનુદાન આપ્યું જે બદલ મકવાણા પરિવાર (વઢવાણ, લાખણકા, સુરત) આભાર વ્યક્ત કરે છે ત્યારબાદ દરેક ગામોમાંથી પધારેલ મકવાણા પરિવારના ભાઈઓનું અરસપરસ સન્માન કર્યું જેથી એકબીજાથી પરિચિત થઈ શકે,

ત્યારબાદ સાંસ્કૃતિક કાર્યક્રમમા જીયા નંદકિશોરભાઈ, પ્રિયા, નંદકિશોરભાઈ, વંશ તુષારભાઈ, અંકિતા મુકેશભાઈ, સિદ્ધિ મુકેશભાઈ, મેઘા હરેશભાઈ, વંશીકા અરવિંદભાઈ, દિયા અરવિંદભાઈ, રાજવી હરેશભાઈ ધ્રુવી અશોકભાઈ, ક્રિષા અશોકભાઈ કુશ, અશોકભાઈ, યુગ અરવિંદભાઈ, કૃષિ અશોકભાઈ, અંકિતા અશોકભાઈ, દેવાંશી મનોજભાઈ, અનિરૂદ્ધ મહેશભાઈ, રાધિકા બળદેવભાઈ, રૂતીકા બળદેવભાઈ, સ્નેહલ મહેશભાઈ, પ્રિયલ પ્રવીણભાઈ, જ્યોતિ અશ્વિનભાઈ, આસ્તા અશ્વિનભાઈ , કૌશંગી વિનોદભાઈ, હર્ષા પ્રકાશભાઈ, ધ્રુવી સુરેશભાઈ, આયુષી ગણપતભાઈ, સાધના હસમુખભાઈ, દેવાંશી રમેશભાઈ, હેત્વી ઘનશ્યામભાઈ, જેન્સી પ્રકાશભાઈ, ઈશિતા વિક્રમભાઈ, હીના બળદેવભાઈ, જીનલ કિશોરભાઈ, વનિતા અંબારામભાઈ, અંજલી પ્રભુભાઈ, ધર્મિષ્ઠા નીતિનભાઈ, માનસી કિશોરભાઈ વગેરે બાળકોના નૃત્ય અને ગીતની પ્રસ્તુતિઓએ સૌનું મન મોહી લીધું. સાંસ્કૃતિક કાર્યક્રમમાં વધુમાં સમાજના અગ્રણીઓ અને વિવિધ સંસ્થાઓ સાથે જોડાયેલા અગ્રણીઓનું સન્માન કરવામાં આવ્યું. નવ યુવાનોને પ્રેરણા પ્રદાન કરી શકાય એ હેતુથી મકવાણા પરિવારના ડૉકટરો, કલાસ-૧ એન્ડ ૨ અધિકારીઓનું સન્માન કરવામાં આવ્યું. કાર્યક્રમના અંતમાં જેમની પ્રેરણાથી આ કાર્યક્રમનું આયોજન થયું એવા શ્રી રામજીભાઈ મગનભાઈએ દરેક યુવાનને પ્રેરણા આપી અને આશીર્વચન સાથે શુભકામનાઓ પાઠવી. કાર્યક્રમના અંતે સાથે મળીને ભોજનનો પ્રસાદનો લાભ લીધો અને એકતા જ આપણી ઓળખ છે. એ ભાવના સાથે વિદાય લીધી.

આ ભવ્ય સ્નેહમિલન કાર્યક્રમને સફળ બનાવવા માટે જે સંકલ્પ શક્તિ સમય અને સમર્પણ સાથે કાર્ય કર્યું તે ખરેખર પ્રશંસનીય હતું. આ કાર્યક્રમ ગુજરાતના દરેક ગામ/તાલુકા/જીલ્લાના વસતા મકવાણા પરિવારના ભાઈઓ અને બહેનોના સાથ સહકાર વગર શક્ય ન હતું. મકવાણા પરિવાર વઢવાણ દરેક ગામ, તાલુકા, જીલ્લાઓમાંથી પધારેલ દરેક મકવાણા પરિવારના ભાઈઓ બહેનોને આભાર વ્યક્ત કરે છે

**આ કાર્યક્રમમાં સેવા આપનાર ભાઈઓ/યુવાનો**

**રસોઈની તમામ સેવા** - શ્રી રમેશભાઈ છગનભાઈ

**મીનીરલ વોટરની સેવા-** શ્રી મેરૂભાઈ રાજાભાઈ (ભુવાશ્રી)

**તમામ શાકભાજીની સેવા-** શ્રી બળદેવભાઈ શીવાભાઈ ભાવેશભાઈ શીવાભાઈ

**ફોટોગ્રાફીની સેવા** - શ્રી પ્રહલાદભાઈ ઝવેરભાઈ

**સાઉન્ડની સેવા** - શ્રી કિશોરભાઈ શંકરભાઈ

**ગાડીની સેવા** - શ્રી પીતાંબરભાઈ હીરાભાઈ

**લાઇટ અને ડેકોરેશનની સેવા** - શ્રી જયદીપભાઈ ઈશ્વરભાઈ

**આમંત્રણ પત્રિકાના સૌજન્ય** - શ્રી જંયતીભાઈ કરમશીભાઈ

**ખેસના દાતા** : શ્રી બળદેવભાઈ વેલશીભાઈ

**મુખ્ય સંકલ્પ** : સમસ્ત મકવાણા પરિવાર - વઢવાણ, લાખણકા, સુરત

**આયોજક ટીમ :** શ્રી રમેશભાઈ છગનભાઈ, શ્રી સોંડાભાઈ મગનભાઈ, શ્રી બળદેવભાઈ વેલશીભાઈ, શ્રી રમેશભાઈ દયારામભાઈ, શ્રી શામજીભાઈ ઠાકશીભાઈ, શ્રી કમલેશભાઈ જગજીવનભાઈ, શ્રી ઘનશ્યામભાઈ ગોવિંદભાઈ, શ્રી જયેશભાઈ ઠાકરશીભાઈ, શ્રી જયેશભાઈ ગગજીભાઈ, શ્રી શૈલેષભાઈ હિંમતભાઈ, શ્રી રમણીકભાઈ વેલશીભાઈની આગેવાની હેઠળ નવ યુવાનોની ટીમ

**સ્ટેજ કાર્યક્રમ સંચાલન :** શ્રી મયુરભાઈ, શ્રી મેરૂભાઈ, શ્રી દેવજીભાઈ, શ્રી કિશોરભાઈ, શ્રી શૈલેષભાઈ, શ્રી ભગવાનભાઈ, શ્રી દીપકભાઈ, શ્રી નીતિનભાઈ, શ્રી પ્રતિકભાઈ (લાખણકા) શ્રી ધર્મેશભાઈ (બલદાણા) સાથે અન્ય નવ યુવાનોની ટીમ

**બેઠક વ્યવસ્થા :** શ્રી પ્રાગજીભાઈ ત્રિભોવનભાઈ, શ્રી હીરાભાઈ, શ્રી મેહુલભાઈ શામજીભાઈ સાથે અન્ય નવ યુવાનોની ટીમ

**પ્રેરણાદાયી સંકલ્પ :** કાર્યક્રમના ભાગરૂપે દરેક મકવાણા પરિવાર ભાઈઓએ ફૂલ નહીં તો ફૂલ પાંખડી સ્વરૂપે અનુદાન નોંધાવ્યું હતું. એ બદલ મકવાણા પરિવાર (વઢવાણ, લાખણકા, સુરત) દરેક ગામ/તાલુકા/જીલ્લાને તથા મકવાણા પરિવારના દરેક ભાઈઓ/બહેનોનો ખુબ જ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ માત્ર ને માત્ર શિક્ષણ અને સંગઠનનો હતો જેથી આ સમગ્ર કાર્યક્રમમાં થયેલ ખર્ચ બાદ વધેલ તમામ રકમ નીચે મુજબ સમાજની હોસ્ટેલો/ બોર્ડિંગો / સંસ્થામાં સમસ્ત મકવાણા પરિવાર-ગુજરાત વતી અનુદાન લખાવેલ છે.

(૧) સમસ્ત સતવારા મહામંડળ દ્વારા નવનિર્મિત કન્યા છાત્રાલય (વાડજ) - ૧,૧૧,૧૧૧/- (સંકલન : શ્રી રાજેશભાઈ કાનજીભાઈ મકવાણા) (સતવારા મહામંડળના મહામંત્રી શ્રી)

(૨) શ્રી સમસ્ત સતવારા કન્યા છાત્રાલય (રાજકોટ) ૫૧૦૦૦/- (સંકલન : શ્રી અમૃતભાઈ ગણેશભાઈ નકુમ)

(૩) શ્રી સમસ્ત સતવારા કન્યા છાત્રાલય (જામનગર) ૬૦૦૦૦/-(સંકલન : શ્રી વલ્લભભાઈ ધારવિયા)

(૪) શ્રી ઝાલાવાડ બોર્ડિંગ અને કન્યા છાત્રાલય (જોરાવરનગર) - ૫૧૦૦૦/-

(૫) શ્રી લાલજી મહારાજની જગ્યા (રાજસીતાપુર) ૧૧૧૧૧/-સંકલન :પરમપુજ્યશ્રી અંબારામદાસજી બાપુ

(૬) વૃદ્ધાશ્રમ : ૧૧૧૧૧/- શ્રી કાંતિભાઈ રાજાભાઈ પરમાર (સંકલન)

**લેખન તથા સંકલન : શ્રી મયુરભાઈ મકવાણા**

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | ટકા | નંબર | રિમાર્ક્સ |
|---|---|---|---|---|
| | | **ધોરણ - ૧** | | |
| ૧. | ધ્રુવ પ્રકાશભાઈ | ૯૯.૦૦ | 1st | |
| ૨ | મોનીક દીપકભાઈ | ૯૭.૮૭ | 2nd | |
| ૩ | ભવ્યા રમણીકભાઈ | ૯૬.૯૦ | 3rd | |
| ૪. | કુશ હરેશભાઈ | ૮૯.૩૦ | 1st | ઈંગ્લીશ મીડીયમ |
| | | **ધોરણ - ૨** | | |
| ૫. | મંથન જીતેશભાઈ | ૯૮.૫૦ | 1st | |
| ૬. | યુગ અરવિંદભાઈ | ૯૨.૮૦ | 1st | ઈંગ્લીશ મીડીયમ |
| | | **ધોરણ - ૩** | | |
| ૭. | શિવમ મુકેશભાઈ | ૯૭.૦૦ | 1st | |
| ૮. | જયદેવ મેરૂભાઈ | ૯૫.૯૨ | 2nd | |
| ૯. | માહિ કિશોરભાઈ | ૯૫.૨૦ | 3rd | |

**ધોરણ - ૪**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦. | અંકિતા મુકેશભાઈ | ૯૯.૬૦ | 1st | |
| ૧૧. | જીયા નંદકિશોરભાઈ | ૯૮.૮૩ | 2nd | |
| ૧૨. | ધ્રુવી અશોકભાઈ | ૯૮.૦૯ | 3rd | |
| ૧૩. | કૃષિ અશોકભાઈ | ૮૦.૬૭ | 1st | ઈંગ્લીશ મીડીયમ |

**ધોરણ - ૫**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૪. | યક્ષ ગિરીશભાઈ | ૯૫.૫૮ | 1st | ઈંગ્લીશ મીડીયમ |
| ૧૫. | નીરજ અરવિંદભાઈ | ૯૧.૩૮ | 1st | |
| ૧૬. | ઋતિકા રાહુલભાઈ | ૯૦.૫૭ | 2nd | |
| ૧૭. | હરપાલ જયેશભાઈ | ૯૦.૪૨ | 3rd | |

**ધોરણ - ૬**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮. | ઋત્વિક મહેશભાઈ | ૯૮.૮૧ | 1st | |
| ૧૯. | કૃપલ પ્રહલાદભાઈ | ૯૭.૮૯ | 2nd | |
| ૨૦. | આનંદ અશોકભાઈ | ૯૭.૪૫ | 3rd | |
| ૨૧. | ક્રીશા અશોકભાઈ | ૭૭.૮૬ | 1st | ઈંગ્લીશ મીડીયમ |

**ધોરણ - ૭**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૨. | મીત પ્રદીપભાઈ | ૯૭.૨૪ | 1st | |
| ૨૩. | યશવી મુકેશભાઈ | ૯૨.૮૭ | 2nd | |
| ૨૪. | કાવ્યા ધર્મેન્દ્રભાઈ | ૯૨.૦૭ | 3rd | |

**ધોરણ - ૮**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૫. | ધ્રુવી પ્રહલાદભાઈ | ૯૮.૮૪ | 1st | |
| ૨૬. | ઉર્વશી અશોકભાઈ | ૯૮.૪૭ | 2nd | |
| ૨૭. | દેવ શાંતિભાઈ | ૯૬.૬૩ | 3rd | |
| ૨૮. | રાજવી હરેશભાઈ | ૭૫.૪૪ | 1st | ઈંગ્લીશ મીડીયમ |

**ધોરણ - ૯**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૯. | યશ નિલેશભાઈ | ૮૬.૫૭ | 1st | |
| ૩૦. | રામજી વિજયભાઈ | ૮૫.૮૬ | 2nd | |
| ૩૧. | આર્ય તુષારભાઈ | ૮૧.૨૯ | 3rd | |
| ૩૨. | રૂદ્ર મેરૂભાઈ | ૭૯.૦૦ | 1st | ઈંગ્લીશ મીડીયમ |

**ધોરણ - ૧૦**

| | | | | |
|---|---|---|---|---|
| ૩૩. | ઓમ મહેશભાઈ | ૯૪.૩૩ | 1st | |
| ૩૪. | દર્શના દેવરાજભાઈ | ૮૭.૮૩ | 2nd | |
| ૩૫. | હિના બળદેવભાઈ | ૮૩.૬૭ | 3rd | |
| ૩૬. | દિયા અરવિંદભાઈ | ૭૫.૬૭ | 1st | ઈંગ્લીશ મીડીયમ |

**ધોરણ - ૧૧ કોમર્સ**

| | | | |
|---|---|---|---|
| ૩૭. | હિરેન જયસુખભાઈ | ૯૬.૦૦ | 1st |
| ૩૮. | અક્ષય મહેશભાઈ | ૮૭.૫૭ | 2nd |
| ૩૯. | નિયતિ તુષારભાઈ | ૭૯.૨૭ | 3rd |

**ધોરણ - ૧૧ સાયન્સ**

| | | | |
|---|---|---|---|
| ૪૦. | અંકિત મહેશભાઈ | ૯૧.૪૦ | 1st |
| ૪૧. | જિનલ પરેશભાઈ | ૭૨.૦૦ | 2nd |

**ધોરણ - ૧૨ કોમર્સ**

| | | | | |
|---|---|---|---|---|
| ૪૨. | અર્પિતા સુરેશભાઈ | ૮૮.૧૪ | 1st | |
| ૪૩. | દેવાંશ મહાવીરભાઈ | ૮૩.૦૦ | 2nd | |
| ૪૪. | અક્ષર વિઠલભાઈ | ૮૧.૫૭ | 3rd | |
| ૪૫. | ધ્રુવી અશોકભાઈ | ૮૪.૨૯ | 1st | ઈંગ્લીશ મીડીયમ |

**ધોરણ - ૧૨ સાયંસ**

| | | | |
|---|---|---|---|
| ૪૬. | શ્રુતિ પ્રહલાદભાઈ | ૭૭.૦૮ | 1st |
| ૪૭. | વિષ્ણુ હર્ષદભાઈ | ૯૫.૮૬ | 2nd |
| ૪૮. | ધ્રુવી મહેશભાઈ | ૬૯.૦૮ | 3rd |


મકવાણા પરિવાર

























# સ્નેહ મિલન સમારોહ સતવારા સમાજ છારોડિયા ગામના હાલ અમદાવાદમાં તા. ૨૧-૧૨-૨૦૨૫ રવિવારના યોજાયુ

અમે બધા જ છારોડિયા ગામના સતવારા ભાઈઓએ સાથે મળીને પ્રથમ વાર સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરેલ છે. તેમાં અમને બધા જ ભાઈઓનો સારો સહકાર મળેલ છે. અને અમે હવે દર વરસે સ્નેહ મિલન થાય તેવી અમારી ઈચ્છા છે. આ સ્નેહ મિલનમાં અમોએ એકબીજા પરિવારનો પરિચય કરાવ્યો અને સમાજની પ્રગતિની ચર્ચા કરી અને આપણાં સમાજના ભણતા છોકરાઓને કઈ રીતે આગળ લઈ જવા તેની પણ આ સ્નેહ મિલનમાં ચર્ચા કરવામાં આવી. કોઈ પણ પ્રકારનું કામ આપણા સમાજના ભાઈઓ પાસે જ કરાવવાનો વિચાર કર્યો જેથી સમાજના ભાઈઓને વેપાર ધંધામાં સાથ સહકાર મળી રહે. સાથે સમૂહ ભોજન લઈ સમારોહ પૂર્ણ કર્યો. અમે ભવિષ્યનો વિચાર સૌએ કર્યો અને સૌએ વિદાય લીધી.




**સંકલન :**
**સમાજના ભાઈઓ છારોડિયા ગામ હાલ અમદાવાદ**
**(કાળુભાઈ ડી. રંઘાડીયા)**







॥ જય દ્વારકાધીશ ॥

# સ્વ. જેઠાભાઈ માંડણભાઈ કણઝારીયાની
# વંદના હોટલ, દ્વારકા






:: સુવિધા ::

- ડાઈનીંગ હોલ
- એ.સી. અને નોન એ.સી. રૂમ
- ઠંડા ગરમ પાણીની સુવિધા
- ટી.વી. વીથ કેબલ
- કાર પાર્કિંગ
- વાઈ–ફાઈ ઈન્ટરનેટ સુવિધા

**પ્રો. ચંદ્રકાંતભાઈ જેઠાભાઈ કણઝારીયા**
**ક્રિષ્નકુમાર ચંદ્રકાંતભાઈ કણઝારીયા**

**સ્ટેટ હાઈવે, સ્ટેશન રોડ, દ્વારકા. મો. ૭૬૦૦૪ ૨૭૪૪૦**

Website : www.hotelvandana.com

# શ્રી સમસ્ત સતવારા મહામંડળ દ્વારા નમ્ર અપીલ

વ્હાલા જ્ઞાતિબંધુઓ, નમસ્કાર

સવિનય સહ જણાવવાનું કે સતવારા દર્પણના નવા સભ્ય થવાના પંચવર્ષિય રૂા. ૫૦૦, દશવર્ષિય રૂા. ૧૦૦૦ અને વીસ વર્ષિયની રૂા. ૨૦૦૦/- સભ્ય ફી છે. આમાં ધંધાની જાહેરાતના દર અલગ છે. લગ્ન વિષયક ગામના સમાજનું ગૌરવ, પર્સનલ (વ્યક્તિગત) જાહેરાત આપો ત્યારે રૂ. ૫૦૦ દાનભેટના સીધા જ **બેંક ઓફ બરોડા વાડજ બ્રાંચમાં સેવિંગ્સ ખાતા નં. ૭૨૫૦૦૧૦૦૦૦૩૪૨૨ અને IFSC Code અને BARB0 DBNVAD (કોડમાં પાંચમો અક્ષર ઝીરો છે.) આપના રૂા. સીધા ઓનલાઇન જેમકે પેટીએમ, ગુગલ પે, ફોન પે, ભીમ એપ્સ કે અન્ય એપ્સ દ્વારા જમા કરાવવા વિનંતી છે.** તેના **UPI**ના નંબર સાથે **સતવારા દર્પણના તંત્રીશ્રીના મો. નં. ૯૮૨૪૭૮૮૨૦૧** ઉપર અવશ્ય મોકલી આપવા વિનંતી છે. **મનીઓર્ડર કોઈએ કરવો નહિ અથવા રોકડા આપવા નહીં.**

આપણા સમાજમાં દરેક ગામમાં કે શહેરમાં થતા જાહેર કાર્યક્રમો જેવા કે સ્નેહ સંમેલન, ઈનામ વિતરણ, યુવા મેળા, સમુહ લગ્ન, શૈક્ષણિક કાર્યક્રમ, ધાર્મિક કાર્યક્રમ કોઈપણ મેડીકલ કેમ્પ હોય ટુંકમાં સમાજમાં થતા કોઈપણ નાના મોટા જાહેર મેળાવડા થતા હોય તો તે કાર્યક્રમોની સતવારા દર્પણના કાર્યાલય ઉપર વોટસએપમાં પી.ડી.એફ. ફાઈલ બનાવી અવશ્ય મોકલી આપવા તેને સતવારા દર્પણમાં છાપવામાં આવશે. જેથી તમારા કાર્યક્રમની સમાજને જાણ થાય તેમજ તેવા કાર્યક્રમો કરવાની અન્ય ગામ કે શહેરને તેના દ્વારા પ્રેરણા મળશે. જે કોઈ સભ્યને સતવારા દર્પણ ન મળતું હોય સરનામું બદલવાનું હોય તો તેની જાણકારી તુરત સતવારા દર્પણના તંત્રીના ઉપર મુજબના મોબાઈલ નં. ઉપર વોટ્સએપ દ્વારા ગ્રાહક નંબર અને સરનામા સાથે અવશ્ય જાણ કરવા વિનંતી છે. તેમની ફરીયાદનો અવશ્ય નિકાલ કરવામાં આવે છે. અને તેની નોંધ લેવામાં આવે છે. તેમને હું હાથથી લખીને અંક કાયમ મોકલી આપું છું. ગ્રાહકોને સંતોષ આપવો એ જ અમારો મુદ્રાલેખ છે. ઘણા સભ્યોએ પોતાના ઘરના સરનામા બદલ્યા છે છતાં પણ હજુ સુધી સતવારા દર્પણના કાર્યાલયને જાણ કરી નથી તેમને અમોએ મોકલેલ અંક પાછા આવે છે. તેઓએ તેમના ઘરના નવા સરનામાની કાર્યાલય ઉપરવોટ્સએપ દ્વારા જાણ કરવા વિનંતી છે. જેથી તેમને અંક મળી શકે.

**લિ.રાજેશભાઈ કે. મકવાણા મહામંત્રીશ્રી સમસ્ત સતવારા મહામંડળ, રમણલાલ સી. મકવાણા - તંત્રીશ્રી સતવારા દર્પણ**

## શ્રી સમસ્ત સતવારા સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

## સ્વ. જતનબેન કુબેરભાઈ વીરાભા રાઠોડ સતવારા ભવન હરીદ્વાર

**વ્હાલા જ્ઞાતિજનો,**

**આપ સહુને જણાવવાનું કે જે પણ ભાઈ-બહેનોને હરિદ્વાર ભવનના નિર્માણમાં દાન-ભેટ આપવાની હોય કે લખાવવાની હોય તો તેઓ નીચે દરેકના સરનામા અને મોબાઇલ નંબર આપેલ છે. પ્રમુખશ્રી માવજીભાઈ પી. નકુમ મો. ૯૫૫૮૩ ૮૯૯૯૯, ૯૮૨૫૦ ૯૫૫૧૬**

**શ્રી હરેશભાઈ શામજીભાઈ જાંબુકીયા - મંત્રીશ્રી સમસ્ત સતવારા સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ હરિદ્વાર**

**કાર્યાલયનું સરનામું :** પરામાં, શેરી નં. ૫,હાઇસ્કુલ પાસે, મુ.પો. રાણપુર, જી. બોટાદ-૩૮૨૨૪૫,મો. ૭૦૪૬૪ ૨૫૧૧૧

**સતવારા ભવન હરિદ્વારનું સરનામું :** સ્વ. જતનબેન કુબેરભાઈ વીરાભા રાઠોડ, સતવારા ભવન-૨૫, સંગમપુરી સોસાયટી, સપ્ત સરોવર રોડ, વૈશ્વવદેવીના મંદિર અને ભારતમાતાના મંદિર વચ્ચે, હરિદ્વાર, ઉત્તરાખંડ,

**સમાજના કોઇપણ વ્યક્તિને હરિદ્વાર જવાનું થાય તો સતવારા સમાજનું ભવન છે. જેને સંપર્ક કરવો હોય તો નીચે જણાવેલ મો.નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી છે.**

**સતવારા સમાજ ભવન હરીદ્વારનો સંપર્ક નં. (મો) ૯૯૯૭૦૬૮૨૫૩, ૯૬૨૭૫૧૪૦૭૩**

**દાનભેટ મોકલવા માટે : શ્રી સમસ્ત સતવારા સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ**

**બેંકનું નામ : સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, લીંબડી જી.સુરેન્દ્રનગર શાખા, નં.૩૧૭૮૮૧૩૫૦૯૯ IFSC કોડ નં. SBIN 0010991**

**ખાસ નોંધ : જમા કરાવનાર દાતાનું નામ, ગામ, તાલુકો, જિલ્લો મો. નં. કાર્યાલય પર જમા કરાવતાની સાથે જ કાર્યાલયને આની જાણ અવશ્ય કરવી.**

| જય સિધ્ધનાથ મહાદેવ |


# કોઈક તમારા માટે બન્યું છે... બસ મળવાનું બાકી છે

એવું કોઈ, જે તમારા વિચારોને સમજે, તમારા સંસ્કારોને માન આપે અને તમારા પરિવારને પણ સમજી શકે એવો સાચો જીવનસાથી શોધવા માટે બનાવાયું છે

**સતવારા સગપણ**

આપણા જ સમાજ માટેનું એકમાત્ર વિશ્વસનીય મેટ્રિમોની પ્લેટફોર્મ

આ એપ્લિકેશન ફક્ત સતવારા જ્ઞાતિના માટે જ છે




**આજે જ તમારું પ્રોફાઇલ બનાવો,**
**અને તમારા સપનાના જીવનસાથીને મળવાની સફર શરૂ કરો**

સતવારા સગપણ એપ્લિકેશનની વિશેષતાઓ

- **સતવારા સગપણ દ્વારા સ્માર્ટ સજેશન મળશે**
- **ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં ઉપલબ્ધ**
- **મનગમતી બાયોડેટા શોર્ટલિસ્ટ કરી શકાશે**
- **પસંદગી અનુસાર ફિલ્ટર કરી શકાશે**
- **એન્ડ્રોઇડ અને iOS માં ઉપલબ્ધ**
- **પોતાની બાયોડેટા PDF માં ડાઉનલોડ કરી શકાશે**
- **તમારી બાયોડેટા સતવારા સગપણ દ્વારા સિક્યોર રહેશે**
- **બધીજ બાયોડેટા સતવારા સગપણ દ્વારા વેરિફાઇડ થયેલ હશે**

**સતવારા સગપણ**

**સતવારા જ્ઞાતિમાં તમારો પરફેક્ટ મેચ શોધો**

એપ્લિકેશન ડાઉનલોડ કરવા માટે

*T&C Apply

**વધુ માહિતી માટે સંપર્ક કરો : +91 7016080177**

GET IT ON Google Play — Download Now

Download on the App Store — Download Now

www.satvarasagpan.com

# શુભેચ્છા સહ

## વંદેમાતરમ્



**શંકરભાઈ આર.દલવાડી - પ્રમુખશ્રી સતવારા મહામંડળ**
**પૂર્વ ચેરમેન ગુજરાત રાજ્ય હાથશાળ અને**
**હસ્તકલા વિકાસ નિગમ લીમીટેડ - ગાંધીનગર**
**(પૂર્વ) પ્રમુખશ્રી**
**લીંબડી નગરપાલિકા મો. ૯૮૨૪૫૦૩૯૨૨**
**સતવારા જ્ઞાતિની ભોજનશાળા પાસે,**
**વચલા પરા લીંબડી, જી. સુરેન્દ્રનગર**



શ્રી સમસ્ત સતવારા એજ્યુકેશન ટ્રસ્ટ
પ્રમુખશ્રી નંદકિશોરભાઈ એસ.કણઝરીયા લીંબડી
મો. : ૯૮૨૪૨૫૬૪૯૧, ૮૨૦૦૪૧૫૭૬૦

શ્રી સમસ્ત સતવારા એન્જીનીયર એશોસીએશન
પ્રમુખ શ્રી એલ. ડી. હડિયલ, મોરબી
મો. ૯૮૨૫૬૪૯૮૫૧,

શ્રી સતવારા મેડિકલ પેરા મેડીકલ એશોસીએશન
પ્રમુખશ્રી ડો. લાલજીભાઈ કે. મકવાણા
મો. ૯૮૭૯૫૭૫૨૦૪- બોટાદ

શ્રી સમસ્ત સતવારા કર્મચારી મંડળ
પ્રમુખ શ્રી શૈલેષભાઈઝેડ.જાદવ-બોટાદ.મો.: ૯૧૭૩૪ ૪૬૪૨૫

શ્રી સમસ્ત સતવારા સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ હરિદ્વાર
પ્રમુખશ્રી માવજીભાઈ પી. નકુમ, જામનગર
જામનગર મો. ૯૮૨૫૦૯૫૫૧૬

શ્રી સમસ્ત સતવારા ઉધોગપતિ એશોસીએશન
પ્રમુખશ્રી અશોકભાઈ સી.કંઝારિયા,ચોટીલા
મો.૯૯૨૫૦૪૮૭૦૦

શ્રી સમસ્ત સતવારા વિદ્યાર્થી એશોસીએશન
પ્રમુખ-શ્રી ઉદયભાઈ વી. ચાવડા મો. ૯૮૯૮૬૮૩૦૧૫

શ્રી સમસ્ત સતવારા સી.એ.એશોસીએશન
પ્રમુખશ્રી શૈલેષભાઈ બી. જાદવ, સુરેન્દ્રનગર મો.૯૪૨૬૪૩૭૬૮૬

શ્રી સમસ્ત સતવારા એડવોકેટ એશોસીએશન
પ્રમુખશ્રી કરશનભાઈ એસ. પરમાર, જામનગર
મો. ૯૮૨૫૯૪૪૧૩૧


# શ્રી સમસ્ત સતવારા એજ્યુકેશન ટ્રસ્ટની નમ્ર અપીલ

શ્રી સમસ્ત સતવારા એજ્યુકેશન ટ્રસ્ટમાંથી એજ્યુકેશન લોન લીધેલ હોય તેમણે અભ્યાસ પૂર્ણ થયા બાદ લોન હપ્તે પરત જમા કરાવવાની હોય છે. વિદ્યાર્થીઓ તેમજ નવા બનેલ ટ્રસ્ટીઓને બાકી રહેતી રકમ અનુકૂળતા મુજબ નીચે દર્શાવેલ બેંક ખાતામાં ઓનલાઈન ટ્રાન્સફર અથવા ચેક દ્વારા જમા કરાવવી ત્યાર બાદ નીચેના નંબર પર જમા કરાવ્યા અંગેની જાણકારી રકમ, નામ,વિગતનું વેરીફિકેશન કરાવી લેવું.

શિક્ષણ માટે દાન ભેટ આપવા માંગતા હોય તેઓ પણ ઓનલાઈન /ચેક દ્વારા જમા કરાવી શકશે.

## બેંકની વિગત

નામ　શ્રી સમસ્ત સતવારા એજ્યુકેશન ટ્રસ્ટ
બેંકનું નામ　બેંક ઓફ બરોડા સેન્ટર પોઈન્ટ શાખા, સ્વામીનારાયણ ગુરૂકુળ પાસે, સરદાર પાર્ક, અંકલેશ્વર, જી.આઈ.ડી.સી.- અંકલેશ્વર-૩૯૩૦૦૨ જી. ભરૂચ
બેંક ખાતાનો પ્રકાર : બચત ખાતુ

**IFSC CODE : BARBoCENPOI**
(પાંચમો અંક જીરો છે)

ખાતા નંબર : **૯૧૨૯૦૧૦૦૦૦૪૪૬૧**
**[91290100004461]**

બેંક ખાતાનો મોબાઈલ નંબર : ૮૨૦૦૮૭૩૨૯૯
**91+(8200873299)**

ઈમેલ : **samastsatvaraeducationtrust@gmail.com**

**ઓફીસ એડ્રેસ : શ્રી સમસ્ત સતવારા એજ્યુકેશન ટ્રસ્ટ**
**મહામંત્રીશ્રી પ્રા.ડો. કે.એસ.ચાવડા**
બી-૧૧ આદિત્યનગર, વાલિયા રોડ, રાગીણી સિનેમા નજીક
સ્વ. મોતીબેન તુલશીભાઈ નકુમ સતવારા વિદ્યાર્થીભવનની
બાજુમાં, મુ. ભડકોદરા, તા. અંકલેશ્વર-૩૯૩૦૦૧
જી. ભરૂચ મો.નં. ૮૨૦૦૮ ૭૩૨૯૯
પ્રમુખશ્રી : નંદકિશોરભાઈ એસ. કણઝરીયા
લીંબડી - મો. ૯૮૨૪૨૫૬૪૯૧

# ''હોસ્ટેલ ઈન ગાંધીનગર'' - શ્રી સતવારા બોર્ડિંગ ગાંધીનગર

**Website-www.satvara hostel.org.** ટ્રસ્ટ રજીસ્ટર્ડ નં. એ/૮૫૮/ગાંધીનગર તા. ૨૯/૬/૨૦૨૦

**80 (G) રજી નં. ITBA / EXM /S / 80(G)/2020-21/103140769 (1) dt.11-3-2021**

સતવારા સમાજના તમામ આદરણીય જ્ઞાતિજનોને અમારા વંદન જય સિદ્ધનાથ....

આપણે સૌ જાણીએ છીએ કે, આજના સમયમાં શિક્ષણનું અનેરૂ મહત્વ છે. **''જે સમાજ શિક્ષિત, તે સમાજ વિકસિત''** એ આજના સમયની હકીકત છે. મિત્રો જ્યારે સમાજમાં શિક્ષણનું બહુ મહત્વ ન હતું ત્યારે પણ સમાજના દુરંદેશી વડીલોએ સમાજને શિક્ષિત કરવામાં અને સમાજના ઉજ્જવળ ભવિષ્ય માટે ખૂબ ભોગ આપેલો હતો. શિક્ષણ માટે જાગૃતિનો અભાવ તેમજ માણસોની નબળી આર્થિક પરિસ્થિતિમાં પણ છાત્રાલયનું નિર્માણ કરેલું. બસ એ જ રાહ પર ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં અતિ આધુનિક છાત્રાલયના નિર્માણ માટે ૫.૨૫ વિઘા જગ્યા ગાંધીનગર ખાતે અમદાવાદ હાઈવેથી ખૂબ જ નજીક જમીન ખરીદ કરવામાં આવેલ છે. તેમ જ હંગામી ધોરણે બાંધકામ કરીને વિદ્યાર્થીઓને રહેવાની વ્યવસ્થા ઉભી કરવામાં આવેલી છે.

હાલમાં બોર્ડિંગ ચાલુ કરેલ ત્યારથી ૨૫ વિદ્યાર્થીઓ અહીંયા રહીને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરે છે. તેમજ આજુબાજુની કોલેજની ડિગ્રી/ ડિપ્લોમાનો અભ્યાસ કરે છે. **હાલમાં વિદ્યાર્થીઓ માટે એડમિશન વહેલા તે પહેલાના ધોરણે ચાલુ છે.** શ્રી સમસ્ત સતવારા સમાજ સમાજ શૈક્ષણિક અને ચેરિટેબલ ટ્રસ્ટ **ગાંધીનગર ટ્રસ્ટનું 80 (G) તેમજ 12AA પ્રમાણપત્ર આવી ગયેલ છે.** તો દાન આપનાર દાતાઓ ઈન્કમટેક્ષનો લાભ લઈ શકશે. તેથી નોકરી કરતા ભાઈઓ-બહેનો અને બિઝનેસમાં ઈન્કમટેક્ષ ભરતા બધા જ મિત્રોને સંસ્થામાં દાન આપીને ઈન્કમટેક્ષનો લાભ લેવા વિનંતી છે.

હાલના સમયમાં સરકારી નોકરી માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપવી ફરજિયાત છે. તેથી ગાંધીનગર ખાતે **IAS, IPS, Collector,** પ્રાંત અધિકારી, મામલતદાર, તલાટી વગેરે સરકારી હોદ્દા માટે અનેક સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટેનું એક બિલ્ડીંગનું બાંધકામ કરવાનું વિચારેલ છે. તેથી ગાંધીનગર ખાતે હોસ્ટેલ કે બોર્ડિંગનું અનેરૂ મહત્વ છે. અને સાંપ્રત સમયમાં જરૂરિયાત પણ છે. સતવારા સમાજ માટે ખૂબ જ ઉપયોગી અને મહાકાય પ્રોજકટને જુજ માણસો હાથ પર લેશે તો પહોંચી વળાય તેમ નથી. તેથી




આપણે સૌ સાથે મળીને તન-મન-ધનથી સહકાર આપીશું તો ગમે તેવા મોટા પ્રોજેકટને પણ આસાનીથી પાર પાડી શકીશું. સમાજના વિકાસની વાતો કરવાથી અને ઘરે બેસી રહીને ચિંતા કરવાથી સમાજનો વિકાસ થવાનો નથી માટે આપણા બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે બોર્ડિંગનું નિર્માણ થવું ખૂબ જ જરૂરી છે. માટે આશા રાખીએ છીએ કે, આ લેખ વાંચ્યા બાદ સમાજના દરેક વ્યક્તિ શિક્ષણ માટે જાગૃત થશે એવી અમને પૂરી શ્રદ્ધા છે. અને સમાજના આ શિક્ષણરૂપી ભવ્ય સરસ્વતી મંદિરના નિર્માણમાં સામે ચાલીને સહયોગ કરશો. આપણે બધાએ આ સમાજને આગળ લાવવા મહેનત કરવી પડશે. તો આવો આપણે સાથે મળીને આ ભગીરથ કાર્યને તન-મન-ધનથી સહયોગ કરીએ જય સતવારા જય હિન્દ

**દાન આપવા માટે બેંક ખાતાની વિગત નીચે મુજબ છે. અને આપના દ્વારા કરેલ દાનની રકમ 80 (G) માં બાદ મળશે. PAN No. AAZTS9683C**

**શ્રી સમસ્ત સતવારા સમાજ શૈક્ષણિક અને ચેરીટેબલ ટ્રસ્ટ-ગાંધીનગર**

**બેન્કનું નામ : બેંક ઓફ બરોડા, ખાતા નં. ૪૫૯૭૦૨૦૦૦૦૨૧૭૩**

**IFSC** કોડ : **BARBoSARGAS** (પાંચમો અંક શૂન્ય છે.) શાખા : સરગાસણ ચોકડી, ગાંધીનગર

**સંપર્ક : શ્રી નરેશભાઈ કણઝારીયા- ૯૦૯૯૨ ૮૮૫૫૫**

**શ્રી ગોકુલભાઈ ડાભી : ૯૯૭૯૮ ૯૬૨૦૧**

**શ્રી કૈલાશભાઈ કણઝારીયા : ૯૫૧૦૯, ૫૭૮૯૯,**

**શ્રી અશોકભાઈ ચાંપાનેરી : ૯૮૨૪૧ ૧૦૮૨૪**

શ્રી સતવારા જ્ઞાતિ મંડળ (સાર્વ ટ્રસ્ટ રજી. નં. એ ૨૫૦૫, તા. ૦૬-૦૨-૧૯૯૧)

# શ્રી સમસ્ત સતવારા કન્યા છાત્રાલય રાજકોટ

## સૈનિક સોસાયટી પાછળ, નાગેશ્વર મંદિર પાસે, જામનગર હાઈવે રોડ, રાજકોટ

આપ શ્રી જાણો છો કે રાજકોટ એ સૌરાષ્ટ્રનું પાટનગર કહેવાય અને શિક્ષણનું મુખ્ય કેન્દ્ર પણ છે. રાજકોટમાં આપણા સમાજની ૪૦૦ થી વધારે દીકરીઓ ભાડાના મકાનમાં રહીને અભ્યાસ કરે છે. ઘણી તેજસ્વી અને હોંશિયાર વિદ્યાર્થીનીઓ (દીકરીઓ) તેમના પિતાની આર્થિક પરિસ્થિતિ સાધારણ કે નબળી હોવાથી રાજકોટ જેવા શહેરમાં ઉચ્ચ શિક્ષણથી વંચિત રહી જાય છે. પરંતુ રાજકોટમાં દીકરીઓ માટે બોર્ડિંગની વ્યવસ્થા ન હોવાથી અભ્યાસ કરી શકતી નથી. તેથી ગેસ્ટ હાઉસ, ધર્મશાળા કે હોટેલમાં રોકાવું પડે છે. જે આ સમયમાં યોગ્ય જણાતું નથી. રાજકોટમાં કન્યા છાત્રાલય હોવું એ આજના સમયની ખાસ જરૂરિયાત છે.

ગુજરાત સરકારશ્રીએ કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવા માટે સમાજને ૨૦૦૦ વાર જેટલી જમીન બજાર ભાવથી ૫૦ ટકા (અડધી કિંમતે) ગુજરાત ભરના સમાજના દાતશ્રીઓના સહયોગથી મેળવેલ છે. જેમાં ટૂંક સમયમાં અદ્યતન ભવનનું બાંધકામ શરૂ કરવાનું હોય સમગ્ર સમાજને અમારી ખાસ નમ્ર અપીલ છે કે આપ સૌ ઉદાર હાથે દાન આપી આ મહાયજ્ઞના ભાગીદાર બનો એવી આશા અને અપેક્ષા-સહ શિક્ષણરૂપી ગંગાપ્રવાહમાં જોડાઈ આ ભગીરથ કાર્યને આપણે સૌ દાન રૂપી આહુતિ આપી વહેલામાં વહેલી તકે દીકરીઓ માટે વિદ્યાર્થી ભવન પૂરૂ કરીએ તેવી નમ્ર વિનંતી.

કન્યા છાત્રાલયના નિર્માણમાં આપ વધુ ને વધુ દાન આપો તેમજ બીજાને દાન આપવા માટે સમજાવો અને જે લોકોએ અગાઉ દાન નોંધાવેલ છે તેઓએ તાત્કાલિક દાન જમા કરવા વિનંતી કરવામાં આવે છે.

### દાન યોજના

**(૧) ૧૧,૦૦૦/- તકતીમાં નામ**

**(૨) ૧૫,૦૦૦/- એકવાર ભૂમિદાનની તકતીમાં નામ**

**(૩) ૨૫,૦૦૦/- તકતીમાં બે વ્યક્તિના નામ**

**(૪) ૫૧,૧૧૧/- તકતીમાં પરિવારનું નામ**

**(૫) ૧,૧૧,૧૧૧/- ગાળાના દાતાશ્રીની નામની તકતી**

**(૬) ૧,૫૧,૧૧૧/- દસ (૧૦) વાર ભૂમિદાનની તકતી**



**(૭) ૨,૫૧,૦૦૦/- રૂમના દાતાશ્રી**

**(૮) ૩,૦૦,૦૦૦/- વહીવટી ઓફીસ દાતાશ્રી**

**(૯) ૫,૫૧,૧૧૧/- રસોડું તેમજ સ્ટોરરૂમ દાતાશ્રી**

**(૧૦) ૧૧,૧૧,૧૧૧/- પ્રાર્થના હોલના દાતાશ્રી**

**(૧૧) ૧૧,૧૧,૧૧૧/- ભોજનાલય (અન્નપૂર્ણા હોલ) ના દાતાશ્રી**

**(૧૨) ૧૧,૧૧,૧૧૧/- મંદિરના દાતાશ્રી**

**(૧૩) ૨૫,૦૦,૦૦૦/- એક માળ-એક વિંગના દાતાશ્રી (A વિભાગ)**

**(૧૪) ૨૫,૦૦,૦૦૦/- એક માળ-એક વિંગના દાતાશ્રી (B વિભાગ)**

**(૧૫) ૧,૧૧,૧૧,૧૧૧/- કન્યા છાત્રાલયના મુખ્ય દાતાશ્રી (ભવનનું નામકરણ)**

### શ્રી સતવારા કન્યા છાત્રાલય રાજકોટ બેંક એકાઉન્ટ ડિટેઇલ

Name:-SHREE SATWARA KANYA CHHATRALAY RAJKOT (શ્રી સતવારા કન્યા છાત્રાલય રાજકોટ)
ACCOUNT NO : 101294600000091,
ISFC CODE : YESB0001012
BANK NAME : YES BANK,
BARNCH - RAIYA ROAD BRANCH

**દાન નોંધાવવા સંપર્ક કરવો (પત્ર વ્યવહારનું સરનામું)**

સતવારા વિદ્યાર્થી ભવન, રાજકોટ, સરસ્વતી પાર્ક,
રૈયા સર્કલ પાસે, રૈયા રોડ, રાજકોટ-૩૬૦૦૦૭

શ્રી શાંતિભાઈ પરમાર (પ્રમુખશ્રી) ૯૮૨૫૩૭૬૯૩૨
શ્રી ભગવાનજીભાઈ પરમાર (ઉપપ્રમુખશ્રી) મો. ૯૨૭૬૦૮૭૦૦૪
શ્રી માવજીભાઈ મારવિયા (મંત્રીશ્રી) ૯૪૨૮૨૫૮૬૦૦
શ્રી વિજયભાઈ ખાંદલા (સહમંત્રીશ્રી) ૮૮૬૬૬૪૧૯૦૧
શ્રી હીરાભાઈ કણજારીયા (ખજાનચી) ૯૮૨૪૪૭૭૦૮૫

# શ્રી સમસ્ત સમાજ ખાંદલા પરિવાર વઢવાણ મુકામે સાતમો સ્નેહ મિલન કાર્યક્રમ તેમજ તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાયો

સમસ્ત સતવારા સમાજના ખાંદલા પરિવાર વઢવાણ સાતમો સ્નેહ મિલન ૨૦૨૫ કાર્યક્રમ તેમજ તેજસ્વી તારલાઓની સન્માન સમારોહ ગઈ કાલે તા. ૨૧-૧૨-૨૦૨૫ની રવિવારના રોજ યોજાયેલ ઈષ્ટદેવ સિદ્ધનાથ મહાદેવ તેમજ આઈ શ્રી ખોડિયાર માતાજી તેમજ આપના વડવાઓના આશીર્વાદથી કાર્યક્રમ ખૂબ સરસ રહ્યો જે હું શ્રી યોગેશભાઈ ખાંદલા રાજીપો વ્યક્ત કરૂં છું. આ કાર્યક્રમને રૂડો બનાવવામાં મુખ્ય મહેમાનશ્રીઓ

શ્રી આર્યન ભગત-સારંગપુર ધામ , શ્રી જગદીશભાઈ મકવાણા સાહેબ વઢવાણ વિધાનસભા ૬૨ ના ધારાસભ્ય તેમજ મુખ્ય નાયબ દંડક ગુજરાત સરકાર, શ્રી શંકરભાઈ દલવાડી, શ્રી કાંતિભાઈ માસ્તર, શ્રી લાભુભાઈ ડાભી, શ્રી શંકરભાઈ કણઝરીયા, શ્રી રાજુભાઈ લકુમ, શ્રી હરેશભાઈ ડાભી, શ્રી મહેશભાઈ વઢવાણીયા- અમદાવાદ, શ્રી લાલાભાઈ વડોદરા, શ્રી જનકભાઈ-વડોદરા, ભૂવા શ્રી કાંતિભાઈ : ધંધુકા તેમ જ તેમની ટીમ, શ્રી મહેશભાઈ - ધંધુકા, (શિવમ મીઠાઇ) શ્રી કરસનભાઈ - અમદાવાદ, શ્રી વિષ્ણુભાઈ - જસદણ, શ્રી નરેશભાઈ - બોટાદ (આકાર જ્વેલર્સ), શ્રી રાકેશભાઈ ખાંદલા, શ્રી જયંતીભાઈ ખાંદલા, શ્રી પ્રહલાદભાઈ ખાંદલા- મુખ્યદાતા- અમદાવાદ, શ્રી શૈલેષભાઈ - સુજાનગઢ ગામના સર્વે પરિવારના આગેવાનશ્રીઓ તેમજ ગુજરાતના ખૂણે ખૂણેથી પધારેલા સમાજના આગેવાનશ્રીઓ તેમજ શ્રેષ્ઠીઓ આ કાર્યક્રમને સફળ બનાવવા પરિવારના ભાઈઓ-બહેનો-વિદ્યાર્થી મિત્રોનો ખૂબ ખૂબ આભાર.

શ્રી સતવારા સમાજના ખાંદલા પરિવાર વઢવાણ સાતમો સ્નેહ મિલન ૨૦૨૫ કાર્યક્રમની બે વિશેષ વાત

૧. સંસ્કૃતિના ઉત્થાન માટે સંસ્કાર બાળપણથી જ આવે તેના માટે ૧-૧૦ વર્ષના બાળકો પાસે વધુ શ્લોક પાકા કરવાવાળા અને હનુમાન ચાલીસા પાકા કરવા વાળા બાળકોને શિલ્ડ અને પ્રોત્સાહન ઈનામ અપાયા.

૨. સમાજના ઉત્થાન માટે વિના મૂલ્યે ડિજીટલ યુવા મેળો થશે www.khandalaparivar.com વેબ સાઈટમાં ખાંદલા પરિવારની કુંવારા દીકરા-દીકરીની માહિતી સમગ્ર સતવારા સમાજ જોઈ શકશે.

સમસ્ત સતવારા સમાજના ખાંદલા પરિવાર વઢવાણ સાતમો સ્નેહ મિલન ૨૦૨૫ કાર્યક્રમના મુખ્ય દાતા શ્રી પ્રહલાદભાઈ સવજીભાઈ પરિવાર રહેલા જેમને ૧,૧૫,૦૦૦ રૂપિયા આપીને કાર્યક્રમના મુખ્ય યજમાન બન્યા હતા અને દાતાશ્રી પ્રહલાદભાઈ સવજીભાઈ આ પહેલાં પણ ખાંદલા પરિવાર વઢવાણ સ્નેહ મિલન બે વાર રહી ચુક્યા છે અને ગાંધીનગર, અમદાવાદ, જામનગર રાજકોટ વગેરે આપણા સમાજની બોર્ડિંગમાં બહુ મોટો ફાળો રહ્યો છે તેથી દાતાશ્રી પ્રહલાદભાઈની આમને આમ ઉત્તરોત્તર પ્રગતિ થતી રહે અને સમાજ અને કુટુંબને ઉપયોગી થતા રહે તેવી આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રી સિદ્ધનાથ મહાદેવ ચરણોમાં પ્રાર્થના.

આપણા ઈષ્ટદેવ શ્રી સિદ્ધનાથ મહાદેવ તેમજ આઈ શ્રી ખોડિયાર માતાજી તેમજ આપના વડવાઓના આશીર્વાદથી આવતા વર્ષ ૨૦૨૬ માટેના પણ દાન આવી ગયેલ છે જેમાં કાર્યક્રમના મુખ્ય દાતા શ્રી ૧. શ્રી ભગવાનભાઈ અંબારામભાઈ ૨. શ્રી યોગેશભાઈ નરશીભાઈ ૮૧૦૦૦ રૂપિયા આપીને કાર્યક્રમના મુખ્ય દાતાશ્રી બનેલ અને રહેવાસી લીંબડીના સ્વ.શ્રી નટુભાઈ ઠાકરશીભાઈ હ. શ્રી દિવ્યરાજભાઈ હાલ અમદાવાદ ૫૧,૦૦૦ રૂપિયા પણ રોકડા આવેલા તેમજ શ્રી હર્ષદભાઈ પરસોતમભાઈ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ઈનામ માટેના તમામ શિલ્ડના દાતા બનેલાને ૨૦૨૪માં પણ શ્રી હર્ષદભાઈ પરસોતમભાઈ જ હતા તેમજ શ્રી પ્રકાશભાઈ રમણીકભાઈ તમામ બેગના દાતા બનેલા તેમજ શ્રી

બાવલભાઈ શંકરભાઈ (રાધે કટલેરી) તમામ સ્ટીલની બોટલના દાતા બનેલા તે સિવાય આવતા વર્ષ માટે આશરે ૧૭૫૦૦૦નું દાન પણ આવેલું આ તમામ દાતાશ્રીઓને આમને આમ ઉત્તરોત્તર પ્રગતિ થતી રહે અને સમાજ અને કુટુંબને ઉપયોગી થતા રહે તેવી આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રી સિદ્ધનાથ મહાદેવના ચરણોમાં પ્રાર્થના.

આ કાર્યક્રમમાં ૮૦ જેટલા સક્રિય કાર્યકર્તાઓની તન તોડ મહેનતના કારણે ખુબ ખુબ સરસ રહેલો તે તમામ કાર્યકર્તા મિત્રોને આમને આમ ઉત્તરોત્તર પ્રગતિ થતી રહે અને સમાજ અને કુટુંબને ઉપયોગી થતા રહે તેવી આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રી સિદ્ધનાથ મહાદેવના ચરણોમાં પ્રાર્થના. અન્ન ભેગા એના મન ભેગા. આ કાર્યક્રમમાં વઢવાણના ૨૦૦૦ થી વધુ ખાંદલા પરિવારના ભાઈઓ / બહેનો રહે છે. અને આખા ગુજરાતમાંથી પધારેલા આગેવાનો સહીત ૨૨૦૦ ભાઈઓ / બહેનોએ એક ભાણે સમુહ ભોજન કર્યું હતું.

તારીખ ૭-૧૨-૨૦૨૫ને રવિવારના રોજ રાત્રે જુના મઢે બાળકોની શ્લોક અને હનુમાન ચાલીસાની સ્પર્ધા યોજાઈ હતી. જેમાં શ્લોક વિભાગમાં બાલમંદિરથી ધોરણ ૨ ના ગ્રુપમાં ખાંદલા મોક્ષ શ્રી પ્રવીણભાઈ વિજેતા જાહેર થયેલ હતા અને ધોરણ ૩ થી ૬ના ગ્રુપમાં ખાંદલા યશ્વી દિનેશભાઈ વિજેતા જાહેર થયેલ હતા. બંને બાળકોને ખુબ ખુબ અભિનંદન... આ બંને બાળકોનું સ્નેહ મિલનના દિવસે જાહેર સન્માન કરવામાં આવેલું. તથા હનુમાન ચાલીસા સ્પર્ધામાં કુલ પાંચ બાળકોનું સ્નેહમિલનના દિવસે જાહેર સન્માન કરવામાં આવેલું. આ પાંચ બાળકોના નામ નીચે પ્રમાણે છે.

૧. ખાંદલા શ્રી મોક્ષ પ્રવીણભાઈ
૨. પુનાણી શ્રી દેવર્ષ જીતેશભાઈ
૩. પુનાણી શ્રી વિરાજ ઘનશ્યામભાઈ
૪. પુનાણી શ્રી મયુર નિલેશભાઈ
૫. ખાંદલા શ્રી દક્ષ કલ્પેશભાઈ

**સંકલનઃ શ્રી યોગેશભાઈ ખાંદલા**

# શ્રી હળવદ તાલુકા સમસ્ત સતવારા કેળવણી મંડળ સંચાલિત સતવારા સમાજનું સ્વપ્ન એટલે...શ્રી સતવારા કુમાર છાત્રાલય

આથી સર્વે સતવારા સમાજ આગેવાન તથા સમાજના તમામ જ્ઞાતિબંધુઓને જણાવતા સહર્ષ આનંદ અનુભવીએ છીએ કે સતવારા સમાજની કુમાર છાત્રાલય બનાવવા માટેની જગ્યા પસંદ કરેલ છે.

આ જગ્યાએ એ હળવદ મુકામે ઘનશ્યામપુર રોડ ઉપર રઘુનંદન ૨ માં નક્કી કરવામાં આવેલ છે. આ જમીનમાં કુલ ૩૨ પ્લોટની જગ્યા અઘાટ વેચાણથી ખરીદી કરેલ છે. જે જમીન ૪,૩૪૮,૭૪ ચોરસ વાર વિશાળ જમીન વેચાણથી રાખેલ છે. જેની કિંમત રૂ. ૧,૩૨,૦૦૦,૦૦ એક કરોડ બત્રીસ લાખ જેટલી કિંમતથી આ જમીન ખરીદ કરેલ છે. આ કાર્યને સફળ બનાવવા માટે શ્રી હળવદ તાલુકા સમસ્ત સતવારા કેળવણી મંડળના પ્રમુખશ્રી કણજરીયા ભલજીભાઈ નાનજીભાઈ રહેવાસી મયાપુર નિવૃત મામલતદાર સાહેબ શ્રી તથા ઉપપ્રમુખશ્રી રૂઘનાથભાઈ ભુદરભાઈ પૂર્વ સરપંચ શ્રી ઘનશ્યામપુર તથા તમામ ટ્રસ્ટીમંડળ અને સમાજના આગેવાનશ્રીઓની દાતાશ્રીઓની હાજરીમાં આ કાર્ય પૂર્ણ કરવામાં આવેલ છે. આગેવાનશ્રીઓ સતવારા સમાજના પૂર્વ પ્રમુખ રવજીભાઈ પરમાર તથા કાંતિભાઈ રામજીભાઈ પરમાર હળવદ હળવદના અગ્રણી ઉદ્યોગપતિ શ્રી રણછોડભાઈ દલવાડી પૂર્વ મોરબી જિલ્લા પ્રમુખશ્રી વિરજીભાઈ માસ્તર મયાપુર નિવૃત્ત શિક્ષક શ્રી પ્રભાતભાઈ ઠાકરશીભાઈ કણજારીયા હળવદ વેપારી અગ્રણી શ્રી નટુભાઈ કણજારીયા સરપંચ શ્રી સાપકડા પ્રહલાદભાઈ પરમાર સતવારા કન્યા છાત્રાલય ટ્રસ્ટી શ્રી તથા સતવારા એજ્યુકેશન ટ્રસ્ટના પૂર્વ પ્રમુખશ્રી થોભણભાઈ ચાવડા સમાજ અગ્રણી શ્રી અને ટ્રસ્ટી શ્રી ભરતભાઈ કરસનભાઈ માલણીયાદ દાતા શ્રી રાઠોડ રામજી ભવાનભાઈ નવા ઈસનપુર દાતાશ્રી જેરામભાઈ સોનગરા દેવીપુર ટ્રસ્ટીશ્રી સતવારા કન્યા છાત્રાલય હળવદ, શ્રી વિશાલભાઈ લાલજીભાઈ સોનગરા ચરાડવા ટ્રસ્ટીશ્રી ચંદુભાઈ સોનગરા ભક્તિ વિદ્યાલય આચાર્યશ્રી તથા શાળાનો તમામ તથા હોસ્ટેલના ગૃહપતિ શ્રી અશોકભાઈ કણઝરીયા તથા હોસ્ટેલ સ્ટાફ તથા શ્રી પ્રકાશભાઈ રસોયા.

## ખાંદલા પરિવાર સ્નેહમિલન ઇનામ વિતર-૨૦૨૫ પ્રથમ ક્રમાંક મેળવનાર બાળકોની યાદી

| ક્રમ | નામ | ધોરણ | મેળવેલ માર્ક્સ | કુલ માર્ક્સ | ટકા | ક્રમાંક |
|---|---|---|---|---|---|---|
| | | ધોરણ-૪ | | | | |
| ૧. | કાવ્યા સંજયભાઈ ખાંદલા | | ૧૧૭૮ | ૧૨૦૦ | ૯૮.૧૭ % | પ્રથમ |
| ૨. | મયુર નીલેશભાઈ પુનાણી | | ૧૧૭૪ | ૧૨૦૦ | ૯૭.૮૩ % | બીજો |
| ૩. | યશ્વીબેન દિનેશભાઈ ખાંદલા | | ૧૦૭૪ | ૧૧૭૪ | ૯૭.૬૪ % | ત્રીજો |
| | | ધોરણ-૫ | | | | |
| ૪. | મીરા નરેન્દ્રભાઈ ખાંદલા | | ૧૬૮૨ | ૧૭૦૦ | ૯૯.૦૭ % | પ્રથમ |
| ૫. | માનસી મનોજભાઈ ખાંદલા | | ૧૧૭૩ | ૧૨૦૦ | ૯૭.૭૫ % | બીજો |
| ૬. | યાજ્ઞિક રમણીકભાઈ પુનાણી | | ૧૧૬૩ | ૧૨૦૦ | ૯૬.૯૨ % | ત્રીજો |
| | | ધોરણ-૬ | | | | |
| ૭. | હેમાંશી વિક્રમભાઈ ખાંદલા | | ૧૭૮૦ | ૧૮૦૦ | ૯૮.૮૯ % | પ્રથમ |
| ૮. | ઉમંગ ભરતભાઈ ખાંદલા | | ૧૭૭૭ | ૧૮૦૦ | ૯૮.૭૨ % | બીજો |
| ૯. | તેજસ્વી પ્રકાશભાઈ ખાંદલા | | ૨૦૩૨ | ૨૧૦૦ | ૯૭.૬૭ % | ત્રીજો |
| | | ધોરણ-૭ | | | | |
| ૧૦. | માનસી સંજયભાઈ ખાંદલા | | ૨૦૭૩ | ૨૧૦૦ | ૯૯.૩૯ % | પ્રથમ |
| ૧૧. | પ્રિન્સ વિજયભાઈ પુનાણી | | ૨૦૭૧ | ૨૧૦૦ | ૯૯.૧૭ % | બીજો |
| ૧૨. | આયુષી હરેશભાઈ ખાંદલા | | ૨૦૦૫ | ૨૧૦૦ | ૯૬.૫૦ % | ત્રીજો |
| | | ધોરણ-૮ | | | | |
| ૧૩. | હાર્દિક રામજીભાઈ ખાંદલા | | ૧૭૬૩ | ૧૮૦૦ | ૯૭.૯૪ % | પ્રથમ |
| ૧૪. | સંજના નીલેશભાઈ ખાંદલા | | ૧૬૩૯ | ૧૮૦૦ | ૯૧.૦૬ % | બીજો |
| ૧૫. | કૌશિક જયેશભાઈ પુનાણી | | ૧૬૩૭ | ૧૮૦૦ | ૯૦.૯૪ % | ત્રીજો |
| | | ધોરણ-૯ | | | | |
| ૧૬. | જતીન હસમુખભાઈ ખાંદલા | | ૬૩૨ | ૭૦૦ | ૯૦.૨૯ % | પ્રથમ |
| ૧૭. | દેવ નીલેશભાઈ પુનાણી | | ૬૨૯ | ૭૦૦ | ૮૯.૮૫ % | બીજો |
| ૧૮. | સંજના નરેશભાઈ ખાંદલા | | ૬૧૦ | ૭૦૦ | ૮૭.૧૪ % | ત્રીજો |
| | | ધોરણ-૧૦ | | | | |
| ૧૯. | જીનલ રણજીતભાઈ ખાંદલા | | ૫૭૧ | ૬૦૦ | ૯૯.૩૫ per. | પ્રથમ |
| ૨૦. | વિકીતા જીન્દાસભાઈ ખાંદલા | | ૫૬૯ | ૬૦૦ | ૯૯.૨૨ per. | બીજો |
| ૨૧. | રીતિકા નરેશભાઈ ખાંદલા | | ૫૪૦ | ૬૦૦ | ૯૫.૯૩ per. | ત્રીજો |
| | | ધોરણ-૧૧ સામાન્ય પ્રવાહ | | | | |
| ૨૨. | સાક્ષી રમેશભાઈ પુનાણી | | ૬૨૫ | ૭૦૦ | ૮૯.૨૯ % | પ્રથમ |
| ૨૩. | હરમીતા હસમુખભાઈ ખાંદલા | | ૬૨૫ | ૭૦૦ | ૮૯.૨૯ % | પ્રથમ |
| ૨૪. | જીંકલ પ્રવીણભાઈ પુનાણી | | ૫૫૪ | ૭૦૦ | ૭૯.૧૪ % | બીજો |
| ૨૫. | જાનવી હેમંતભાઈ ખાંદલા | | ૫૨૭ | ૭૦૦ | ૭૫.૨૯ % | ત્રીજો |
| | | ધોરણ-૧૧ સાયંસ વિજ્ઞાન પ્રવાહ | | | | |
| ૨૬. | ભાવિન ધર્મેન્દ્રભાઈ ખાંદલા | | ૩૯૮ | ૫૦૦ | ૭૯.૬૦ % | પ્રથમ |
| ૨૭. | સંધ્યા રમેશભાઈ ખાંદલા | | ૪૫૩ | ૬૫૦ | ૬૯.૬૯ % | બીજો |
| | | ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ | | | | |
| ૨૮. | જાનકી બળદેવભાઈ પુનાણી | | ૬૪૬ | ૭૦૦ | ૯૯.૪૩ per. | પ્રથમ |
| ૨૯. | ચાંદની રાજેશભાઈ પુનાણી | | ૬૩૨ | ૭૦૦ | ૯૮.૬૭ per. | બીજો |
| ૩૦. | આરતી નરેશભાઈ પુનાણી | | ૬૨૪ | ૭૦૦ | ૯૮.૦૩ per. | ત્રીજો |
| | | ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ | | | | |
| ૩૧. | ક્ષિતિજકુમાર અજયભાઈ પુનાણી | | ૫૩૭ | ૬૫૦ | ૮૮.૨૯ per. | પ્રથમ |
| ૩૨. | શ્લોક વિનોદભાઈ ખાંદલા | | ૫૨૭ | ૬૫૦ | ૯૨.૧૭ per. | બીજો |
| ૩૩. | આનંદ પ્રતાપભાઈ ખાંદલા | | ૪૮૮ | ૬૫૦ | ૭૦.૧૬ per. | ત્રીજો |














GRAND OPENING
WEBSITE
www.khandalaparivar.com















# અંધકારમાં ચમકતું સૂર પ્રિયા સથવારાની સંગીત યાત્રા અને અતુલ્ય વારસો આઈડેન્ટીટી એવોર્ડથી સન્માનિત કરવામાં આવી.





ગાંધીધામ કચ્છની ધરતી, જ્યાં માત્ર મીઠો પવન નથી ફૂંકાતો પણ કલા અને સંસ્કૃતિના સૂર પણ ગૂંજે છે એ જ ભૂમિની એક દીકરી, પ્રિયા સથવારા, જેણે પોતાની અદ્ભુત પ્રતિભાથી માત્ર કચ્છનું જ નહી, પણ સમગ્ર ગુજરાતનું નામ રોશન કર્યું છે પ્રિયાની યાત્રા માત્ર સંગીતની નથી, પણ અદમ્ય હિંમત અને આત્મવિશ્વાસની ગાથા છે.

પ્રિયા દુનિયાના રંગોને આંખોથી જોઈ શકતી નથી, પણ તેના કંઠમાં જાણે સ્વયં સરસ્વતીનો વાસ છે. તેના સૂર એટલા મધુર અને ભાવનાત્મક હોય છે કે તે સાંભળનારના હૃદયને સ્પર્શી જાય છે. અંધકારની દીવાલ તેને ક્યારેય તેની સિદ્ધિઓ હાંસલ કરતા રોકી શકતી નથી.

તાજેતરમાં ગાંધીનગર મુકામે યોજાયેલા 'અતુલ્ય વારસો આઈડેન્ટીટી એવોર્ડ ૨૦૨૫' માં પ્રિયાને બેસ્ટ સિંગર ઓફ ધ એવોર્ડ' થી સન્માનિત કરવામાં આવી, જેમાં તેમને ગર્વભેર પ્રમાણપત્ર અને ટ્રોફી એનાયત કરવામાં આવ્યા. આ સન્માન તેની સખત મહેનત અને લગનનું પરિણામ છે. આ કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી દ્વારા પણ તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

પ્રિયાની પ્રતિભા માત્ર સ્થાનિક સ્તરે જ સીમિત નથી. તે અગાઉ 'ઇન્ડિયન આઇડલ ૨૦૨૦' જેવા રાષ્ટ્રીય મંચ પર અતિથિ તરીકે આમંત્રણ મેળવી ચૂકી છે, જે તેની કલાનું કદ દર્શાવે છે. ગુજરાત લેવલે અનેક એવોર્ડસ જીતવા ઉપરાંત, તેણે વિદેશમાં, અમેરિકામાં પણ એવોર્ડ મેળવીને આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાની પ્રતિભા સાબિત કરી છે અત્યાર સુધીમાં પ્રિયાએ પોતાના સુરીલા અવાજમાં અનેક આલ્બમ સોંગ્સ રેકોર્ડ કર્યા છે. તેણીની સિદ્ધિઓ એ વાતનો જીવંત પુરાવો છે કે સાચા 'વારસા'ની ઓળખ બહારની આંખોથી નહીં, પણ આંતરિક પ્રકાશ અને અદભુત કૌશલ્યથી થાય છે. પ્રિયા સથવારા માત્ર એક ગાયિકા નથી, તે દરેક એ વ્યક્તિ માટે પ્રેરણા છે જે મુશ્કેલીઓ સામે હાર માન્યા વિના પોતાના સપના પૂરા કરવા માંગે છે. તેણે ગાંધીધામ અને કચ્છ અને સથવારા સમાજનું ગૌરવ વધાર્યું છે અને સાબિત કર્યું છે કે સૂરની શક્તિ કોઈ પણ અવરોધ કરતાં અનેકગણી મોટી હોય છે. સાથે ગાંધીનગર ખાતે સથવારા સમાજનું ગૌરવ અને ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી જગદીશભાઈ મકવાણા અને ગુજરાત સથવારા સમાજના પ્રમુખ શ્રી શંકરભાઈ દલવાડી સાથે શુભેચ્છા મુલાકાત કરી પ્રિયા સથવારાના ખુબ ખુબ શુભેચ્છાઓ પાઠવી હતી તેવું વિજય સતવારાએ જણાવ્યું હતું.

**શ્રી વિજયભાઈ સતવારા તથા શ્રી અલ્પેશભાઈ જે.ચાવડા**

# સુરેન્દ્રનગર, ગુજરાતના વરિષ્ઠ કલાકારોની એકલ કલા પ્રદર્શન ધ સ્પેશ વિધિન'નો પ્રારંભ





સુરેન્દ્રગર, ગુજરાતના વરિષ્ઠ કલાકાર દેવજી શ્રીમાળીની એકલ કલા પ્રદર્શન ધ સ્પેસ વિધિન'નો પ્રારંભ ઉદયપુરમાં થયો છે. આ પ્રદર્શનમાં સુરેન્દ્રગર, કલાકાર દ્વારા તૈયાર કરાયેલા શ્વેત-સ્યાહ (સફેદ-કાળા) ડ્રોઈંગ્સ ને પ્રદર્શિત કરવામાં આવ્યા છે.

સુરેન્દ્રગર ગુજરાતના વરિષ્ઠ કલકાર શ્રી દેવજીભાઈ શ્રીમાળીની એકલ કલા પ્રદર્શની ધ સ્પેસ વિધિન ગુરૂવારના રોજ શહેરની બાગોરની હવેલીમાં પ્રારંભ થઈ, આ પ્રદર્શનમાં શ્વત સ્યાહ ડ્રોઈંગ્સને પ્રદર્શિત કરવામાં આવ્યા છે.

આ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન શહેરના કલાકાર અને ફેકલ્ટી ઓફ વિઝ્યુઅલ આર્ટસ નિર્દેશક પ્રો. શ્રી હેમંત દ્વિવેદીએ કર્યું. શ્વેત સ્યાહ રંગોમાં બનેલા ચિત્રોની આ પ્રદર્શનીની ખાસ વાત એ છે કે તેમાં પ્રયોગ કરવાં આવેલી શાહી કલાકાર દ્વારા સ્વયં બનાવવામાં આવી છે. આ ચિત્રોમાં ક્યાંય પણ બ્રશનો ઉપયોગ કરવામાં આવ્યો નથી. ફક્ત કપડાંના માધ્યમથી જે ડ્રોઈંગ સ્ટ્રોક આપવામાં આવ્યા છે. શ્રી દેવજીભાઈએ પોતાના ચિત્રો વિશે જણાવ્યું કે કોરોના કાળ પછી તેમણે કોરોનાથી પ્રભાવિત મનોભાવોને પોતાના ડ્રોઈંગ્સ માં પ્રસ્તુત કરવાને પ્રયાસ કર્યો છે. છેલ્લા ત્રણ વર્ષોમાં તેમણે લગભગ ૮૦૦૦ ડ્રોઈંગ્સ બનાવ્યા છે. જેમાંથી ૬૫ ચિત્રોને અહીં પ્રદર્શિત કરવામાં આવ્યા છે. શ્રી દેવજી ગુજરાત રાજ્યના પ્રતિષ્ઠિત કલાકાર છે.

આ પ્રદર્શનના અવસર પર શહેરના શ્રી હેમંત મહેતા, શ્રી સુનીલ નિમાવત, શ્રી ગૌરવ શર્મા, શ્રી શાહિદ પરવેઝ, શ્રા શર્મિલા રાઠૌર, ચિત્રસેન વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રદર્શનની ૧૧ ડિસેમ્બર સુધી સવારે ૧૧ થી ૭ વાગ્યા સુધી કલાકાર અને કલાપ્રેમીઓના અવલોકન માટે નિઃશુલ્ક ખુલ્લી રહેશે

**સંકલન : કાંતીભાઈ ડી. મોરી**

# ડો. જીગ્નેશ આર. ચૌહાણ

M.S. (Gynec), F.M.A.S

સ્ત્રીરોગ નિષ્ણાંત



# શ્રીજી સત્વ

# ગાયનોકેર હોસ્પિટલ

- દુરબીન (લેપ્રોસ્કોપી) વડે ગર્ભાશયને લગતા તમામ ઓપરેશન
- દુઃખાવા રહીત તથા જોખમી ડિલીવરી, સિઝેરિયન ડિલીવરીની સુવિધા
- વ્યંધત્વ / ઈન્ફર્ટીલીટીની સારવાર
- 3D / 4D સોનોગ્રાફીની સુવિધા
- ટેસ્ટ ટ્યુબ બેબી *(IVF)* ની સારવાર
- *AC VIP Suit* રૂમ, *AC* ડીલક્ષ રૂમ અને *AC* સ્પેશિયલ રૂમ, સેમી સ્પેશિયલ રૂમ, જનરલ રૂમ

જીનતાન રોડ, મિલન સિનેમા પાસે, સુરેન્દ્રનગર.

મો. ૮૨૦૦૭ ૬૫૨૯૪, ૯૪૦૯૯ ૧૧૦૦૮

POSTED AT RMS SURENDRANAGAR 8th EVERY MONTH RNI-GUJ.GUJ/2001/5150
SATWARA DARPAN DATE OF PUBLICATION 8th EVERY MONTH **G/SEN./265/2024-2026**


LAVANYA
—MULTISPECIALITY DENTAL CLINIC—

# લાવણ્ય મલ્ટીસ્પેશ્યાલીટી
## ડેન્ટલ કિલનિક & ઈમ્પ્લાન્ટ સેન્ટર

ડૉ. ચિરાગ વી. મકવાણા (M.D.S. Orthodontics) ડૉ. નિકીતા આર. કણઝારીયા (M.D.S. Orthodontics)

સમય : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦ • સાંજે ૫:૦૦ થી ૮:૦૦ • (મો.) ૮૮૬૬૭૦૩૦૩૪, ૯૯૨૫૨૪૭૦૬૯

૪-૫, પહેલા માળે, સનરાઈઝ એવન્યુ, વેદાંત હોસ્પિટલની સામે, મેટ્રો પીલ્લર નં. ૨૦૫ પાસે, નવરંગપુરા, અમદાવાદ.

સૌજન્ય : વિનોદભાઈ સી. મકવાણા



સ્કેનરની મદદથી દાંતની ચકાસણી કરી આધુનિક પદ્ધતિથી વાંકાચુકા દાંતને બ્રેસીસ (વાયર) બાંધ્યા સિવાય દાંતને સીધા કરવાની સારવાર જ્ઞાતિબંધુ માટે રાહતદરે આધુનીક સારવાર આપવામાં આવશે.




## જાહેરાતના દર

| ક્રમ. | વિગત | ત્રિમાસિક | વાર્ષિક |
|---|---|---|---|
| (૧) | ૧/૪ પાનાની જાહેરાત | ૧૫૦૦ | ૩૦૦૦ |
| (૨) | અડધા પાનાની જાહેરાત | ૩૦૦૦ | ૬૦૦૦ |
| (૩) | આખા પાનાની જાહેરાત | ૬૦૦૦ | ૧૦,૦૦૦ |
| (૪) | મુખ પૃષ્ઠની પાછળનું પાનું | ----- | ૧૫,૦૦૦ |
| (૫) | છેલ્લેથી અંદરનું પાનું | ----- | ૧૫,૦૦૦ |
| (૬) | છેલ્લે અડધું પાનું | ----- | ૧૫,૦૦૦ |


# લાવણ્ય
## મલ્ટીસ્પેશ્યાલીટી ડેન્ટલ કિલનિક

ઉપલબ્ધ સારવાર - TREATMENT AVAILABLE

- વાંકા-ચૂંકા તથા આગળ પડતા દાંતની સારવાર
  Orthodontic Metal, Ceramic braces & algîners
- દાંતમાં ચાંદી, સિમેન્ટ, દાંતની કેપ તથા દાંતના કલરના મટીરીયલ પુરવાની સારવાર
  Silver, Cement4 Crown & Bridge & Cosmetic Dentistry
- દાંત બચાવવા મૂળીયાની સારવાર
  Root Canal Treatment
- દાંતના ફિક્સ તથા નીકળી શકે તેવા ચોકઠા
  Fixed & Removable Denture
- દાંતની સફાઈ તથા દાંતને સફેદ કરવાની સારવાર
  Scaling & Bleaching
- ડાહપણની દાઢ કાઢવાની સારવાર
  Wisdom Tooth Removal
- પેઢાના રોગોની સારવાર
  Pyorrhea
- ઈમ્પ્લાન્ટ દ્વારા દાંત બેસાડવાની સારવાર
  Full Mouth rehabilitation
- બાળકોના દાંતના તમામ રોગોની સારવાર
  Pediatric Dentistry


To, ......................................................

......................................................

......................................................

......................................................

નકલ રવાના :
રમણભાઈ સી. મકવાણા
૨, વાસુદેવ નગર, ગીરધરનગર, ઓવરબ્રીજ પાસે,
વંદના સ્કુલની બાજુમાં, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦૦૦૪, મો. ૯૮૨૪૭ ૮૮૨૦૧

પ્રકાશક : શ્રી સમસ્ત સતવારા મહામંડળ (રજી. નં. ઈ-૮૪૮૯ તા. ૩-૧૦-૯૧) વતી માનદ્ તંત્રી શ્રી કાંતીભાઇ આર. પરમારે પ્રસિધ્ધ કર્યુ. મુદ્રક : ''પૂજા ગ્રાફિક એન્ડ પ્રિન્ટસ્'' - સુરેન્દ્રનગર. દર મહિનાની ૮ તારીખે અંક પ્રસિધ્ધ થાય છે.